ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

## ઇકબાલના આયનામાં આપણી તસ્વીર

મુસલમાં હૈ તૌહીદમેં ગર્મ જોશ
મગર દિલ અભી તક હૈ ઝુન્નાર પોશ

જો કે મુસલમાનોમાં તૌહીદનો જોશો ખરોશ જોવામાં આવે છે પણ એમના દિલોમાંથી હજી સુધી બુતોની અસર ગઇ નથી.

હકીકત ખુરાફાતમેં ખો ગઇ!
યે ઉમ્મત રીવાયાતમેં ખો ગઇ

મુસ્લિમ કૌમ હજી લગી રીવાયતોમાંથી બહાર આવી શકી નથી. પરિણામે વાસ્તવિકતા નકકામી બાબતોમાં ખોવાઇ ગઇ છે. આપણી કૌમ નકકામી બહસોમાં ઉલ્ઝી ગઇ છે અને પરિણામે આપણે સત્ય હકીકતથી ખૂબ આઘે રહી ગયા છીએ.

બુઝી ઇશ્કકી આગ અંધેર હૈ
મુસલમાં નહીં રાખકા ઢેર હૈ

મુસલમાનના દિલમાંથી ખુદાની અને પોતના ભાઇઓની મોહબ્બતની લાગણી નેસ્તો નાબૂદ થઇ ગઇ છે. એક વખત મોહબ્બતની ગર્મીથી આગના શોલા જેવા મુસલમાન આજે માત્ર ઓલવાઇ ગયેલ શોલાની રાખ કરતાં વિશેષ કાંઇ નથી.

આવી છે આપણી તસ્વીર ઇકબાલી આયનામાં!!

ઇકબાલ કૌમ અને કૌમના જવાનો માટે શું વારસો આપવા ઇચ્છે છે!!

જવનો કો સોઝે જીગર બખ્શદે
મેરા ઇશ્ક, મેરી નઝર બખ્શદે
યેહી કુછ હૈ સાકી મતાએ ફકીર
ઇસીસે ફકીરીમેં હું મૈં અમીર
મેરે કાફલેમેં લુટાદે ઇસે
લુટાદે ઠીકાને લગાદે ઇસે

હે ખુદા મુજ ફકીર પાસે કૌમને આપવા માટે મારા દિલમાં જે લાગણીઓ છે, જે વલવલાઓ છે. એ દૌલત મારી કૌમના યુવાનોમાં વહેંચી આપ. મારા જેવા ફકીરની સૌથી મોટી પુંજી આજ છે અને હું આવી ફકીરીમાં મસ્ત છું. મારી આ પુંજી કૌમમાં વહેંચી આપ અને આમ કરીને એને મારી પુંજીને યોગ્ય ઠેકાણે લગાડી દે.

■ .ડો.ઈકબાલ

માહે રમઝાન ૧૪૪૨ મે- ૨૦૨૧ તંત્રી: મસ્ત મંગેરા

www.ssvmes.org
vohrasociety@gmail.com
vohrasamachar@gmail.com
www.vohratimes.org
vohrasociety@yahoo.com
vohrasamachar@yahoo.com

## નમ્ર અપીલ

કૌમની માયએનાઝ એકમાત્ર આપણી શૈક્ષણિક સંસ્થા ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરત છેલ્લાં ૭૩ વર્ષથી કૌમની વિવિધ ક્ષેત્રે સતત સેવા કરી રહી છે.

**એની મદદ લઇ હજારો લોકો દેશ - વિદેશમાં સેટલ થયા છે**

**સેંકડો વિધવાઓનો એ સહારો છે,સેંકડો બિમારોની શિફાનો ઝરીયો છે.**

કૌમના દુરંદેશ સખી વજુદોએ સ્થાપેલી આપણી સોસાયટી દિવસે દિવસે વધુ ને વધુ મદદ કરી રહી છે. અલ્હમદોલીલ્લાહ ગયા વર્ષે રૂપિયા દોઢ કરોડની ઉપર વિવિધ ક્ષેત્રે મદદકરી હતી. છેલ્લા બે વર્ષમાં સોસાયટીએ નીચે પ્રમાણેની વિગતે રૂા.૩,૨૨,૬૭,૦૬૫/- ની મદદ કરી છે.

| વિભાગ | વર્ષ : ૨૦૧૯ - ૨૦૨૦ | | વર્ષ : ૨૦૨૦- ૨૦૨૧ | |
|---|---|---|---|---|
| | લાભાર્થીઓની સંખ્યા | રકમ | લાભાર્થીઓની સંખ્યા | રકમ |
| પ્રાથમિક સ્કોલરશીપ ધો.૧ થી ૮ | ૧૧૭૦ | ૨૦,૫૭,૦૧૦ | ૯૨૦ | ૧૪,૯૫,૪૦૦ |
| સ્કુલ સ્કોલરશીપ ધો.૯ થી ૧૦ | ૩૦૨ | ૮,૮૨,૦૫૦ | ૨૪૦ | ૩,૮૭,૮૫૦ |
| હા.સેકન્ડરી - કોલેજ સ્કોલરશીપ | ૪૬૧ | ૭૬,૭૩,૩૩૦ | ૪૩૭ | ૮૩,૦૫,૨૧૫ |
| ટેકનીકલ સ્કોલરશીપ (ડ્રાઇવીંગ,ટેલરીંગ,કોમ્પ્યુટર,ટેકન | ૦૮ | ૪૩,૪૦૦ | ૦૨ | ૪,૦૦૦ |
| દિનીયાત સ્કોલરશીપ | ૩૩ | ૫૭,૦૦૦ | - | - |
| તબિબિ સહાય | ૪૩ | ૩,૧૨,૭૫૫ | ૧૩ | ૧,૪૯,૫૫૫ |
| બેવાફંડ સહાય | ૮૩૦ | ૫૩,૬૮,૦૦૦ | ૮૫૧ | ૫૫,૩૧,૫૦૦ |
| ટોટલ | ૨૮૪૭ | ૧,૬૩,૯૩,૫૪૫ | ૨૪૬૩ | ૧,૫૮,૭૩,૫૨૦ |

આપ જાણોજ છો કે આપણે ત્યાં શિક્ષણ વધુ ને વધુ મોંઘુ અને ખુબ જ ખર્ચાળ થઇ રહયું છે આપણા વિદ્યાર્થીઓ પણ ઉચ્ચ શિક્ષણ ડૉકટર, ઇજનેર, ફાર્મસીસ વિગેરે તરફ વધુ પ્રમાણમાં જઇ રહયા છે. ત્યારે આપણા સખી સદ્‌ગૃહસ્થોની એ ફરજ થઇ પડે છે કે

**(૧) આપણો વિદ્યાર્થી નાણાંના અભાવે શિક્ષણથી વંચિત ન રહી જાય (૨) આપણો બિમાર નાણાંના અભાવે સારવારથી વંચિત ન રહી જાય (૩) આપણી બેવાઓ મદદથી વંચિત ન રહી જાય.**

જેથી આપ સાહેબ રમઝાન મુબારક માસમાં આપણી કોસંબા ખાતેની ટેકનીકલ ઇન્સ્ટીટયુટ, સુરત ખાતેની એસ.એસ.વી. આઇ.ટી.આઇ, કોંઢ ખાતેની એસ.એમ.બદાત રેસી.સ્કુલ તથા અલ-ફલાહ ગર્લ્સ હોસ્ટેલ, ખોલવડ ને જરૂરથી યાદ કરી શકય હોય એટલી વધુ ને વધુ મદદ આપી -અપાવી સવાબે દારૈન હાસીલ કરો.

અલ્લાહતઆલા આપને હલાલ અને બરકતવાળી રોઝી આપે તથા બન્ને જહાંનમાં એનો બહેતરીન બદલો આપે.આમીન.

*શિક્ષણ પ્રેમી ને નમ્ર વિનંતી કે આપણી કૌમની દિકરી કે દિકરો ધો. ૧૧-૧૨ સાયન્સમાં હોશિયાર હોય તેવા એક વિદ્યાર્થીને દત્તક લઇ લેવા આગળ આવે એવી અપીલ.*

**દેશ (ઇન્ડિયા) માંથી નીચે મુજબના સોસાયટીના બેંક ખાતામાં મદદ મોકલી શકો છો.**

**THE SURATEE SUNNI VOHRA MUSLIM EDUCATION SOCIETY**

NAME OF BANK : UNION BANK OF INDIA
ADDRESS : STATION ROAD BRANCH,SURAT
ACCOUNT NO. : 311301010030025
IFS CODE : UBIN0531138

## વહોરા સમાચાર

▪ **હદીશ શરીફ**

**હઝરત ઇબ્ને અબ્બાસ રદી. થી રિવાયત છે,કે અલ્લાહ તઆલા ફરમાવે છે, કોઇ દુઆ કરનારની દુઆ મારી પાસે એટલી જલ્દી પહોંચતી નથી, જેટલી રોઝીની કમી વિષે દુઆ જલ્દી અસરકારક બને છે. રોઝી માટેની દુઆ ઘણી જલ્દીથી પહોંચે છે. અલ્લાહ જ મોટો રઝઝાક-બંદાને રોઝી આપનાર છે. (દયલમી)**

▪ **ચિંતન**

**પતનની ગતિ**

નાગરિકના પતનથી રાષ્ટ્રના પતનની શરૂઆત થાય છે અને નેતાના પતનથી એની ગતિ ઝડપી બને છે.

**ખુદાની એક ઉત્તમ નેઅમતનો ભૂંડો ઉપયોગ**

કૃતિમ અજવાળાથી અંજાઇ જઇ જીવન જીવનાર કદી પણ જીવનનો આનંદ માણી શકતો નથી.

આવી રીતે જીવન જીવનાર ખુદાની એક ઉત્તમ નેઅમતનો ભૂંડો ઉપયોગ કરતા હોય છે.

**સામાન્ય માનવીનું દુ:ખ**

સામાન્ય માનવીની પ્રગતિના નામે મોટી મોટી વાતો કરનારા મોટે ભાગે પોતાના મનનીજ વાતો કરતા હોય છે !!

અને આવી વાતોમાં આવી જનાર સામાન્ય માનવીનું આ એક મોટામાં મોટું દુ:ખ છે.

-શાકિર ઉનીઆ

**અંક : ૦૫**
**માસ:- મે ૨૦૨૧**
**માહે: રમઝાન ૧૪૪૨**
**તંત્રી : મસ્ત મંગેરા**

▪ **આજના જમાનાની તાસીર**

જબ ભી જી ચાહે ઇક નઇ સુરત બના લેતે હૈ લોગ
એક ચેહરે પર કઇ ચેહરે લગા લેતે હૈ લોગ
મિલ ભી લેતે હૈ ગલે વહ અપની મતલબ કે લિયે
આ પડે મુશ્કિલ તો નજરેં ભી ચુરા લેતે હૈ લોગ.

- કતિલ સિફાઇ

▪ **નોંધ:-**

આ કવિને એક મુશાએરામાં સાંભળવાની મને તક મળેલી. ઇ.સ.૧૯૬૧-૬૨ ના વર્ષમાં-એ મુશાએરામાં પૂના (મહારાષ્ટ્ર) એમણે એક ઘણી નઝમ સુંદર પથ્થર નામે સંભળાવેલી.
મારા જીવનનું એક શ્રેષ્ઠ નજરાણું .

-મસ્ત મંગેરા

## ▪ તંત્રી સ્થાનેથી...!

### રમઝાનનાં મુબારક મહિનામાં સર્વે વાંચક મિત્રોને સલામ

કોરોના પૂર્વેની રમઝાન અને હાલમાં જે સ્થિતિમાં આપણે સૌ રમઝાન મહિનો વિતાવીએ છીએ. એમા સ્પષ્ટ વિરોધાભાસ દેખાઇ રહયો છે.

કયાં અગાઉના રમઝાન મહિનાની રોનક અને કયાં આજે બીતાં બીતાં રમઝાન મહિનાની ઇબાદતો જલ્દી જલ્દી પૂરી કરી ઘેર ભાગી જવાની ઉતાવળ.

૧૧-૧૧ મહિના પછી આવનાર મુબારક રમઝાન શરીફ જે ચહલ પહલ દેખાતી હતી તે હવે ભૂતકાળ બની જવાની શરૂઆત કરી રહી છે. આપણને જ નહીં સરકાર પણ આ પ્રૃવિત્ત ઓછી થાય અથવા ન થાય એ જોવા ઘણી ઉત્સૂક છે.

પરંતુ હિંમત હાર્યા વગર - અલ્લાહપાકને રાજી રાખવા વધુ ને વધુ ઇબાદતમાં મશ્ગુલ રહો. એ ઇબાદત ઘરોમાં થાય તો પણ વાંધો નહીં પરંતુ વળગી રહો. આજે **હસ્બોનલ્લાહો વનેઅમલ વકીલ**

અલ્લાહને વારંવાર યાદ કરી,મદદ માંગી પઢતા રહો. દુ:ખની વાતતો એ છે કે આજે આપણા સમાજે એક-બીજાથી મોં ફેરવી લેવાની ટેકનિક ઘણી જલ્દી શીખી લીધી છે. આજે દરેક જણ એક -બીજાથી મોં ફેરવીને બેઠા છે.કેવી રીતે સમાજની પ્રગતિ થાય.હજુ સુધી આપણને એ પણ ખબર નથી કે હવે આપણે કઇ સાચી દિશામાં જવાનું છે. આજે દરેક માણસ પોતે જ બધુ સમજે છે - એમ સમજીને ચાલે છે.આપણા વિદ્યાર્થીઓ પણ કોઇની સલાહ કે મશ્વેરો કર્યા વગર ગમે તે પ્રકારનો વિષય લઇ અભ્યાસ કરી નાંખે છે. જેને પાછળથી કોઇ પૂછતું નથી. સમજીને વિચારીને કોઇ જાણકારને મળી શ્રેષ્ઠ પ્રકારનો અભ્યાસ કરી ડિગ્રી મેળવે - એ જરૂરી છે. પણ એ સમજતા નથી માનતા નથી.

અલ્લાહ જ મદદ કરે અને સાચી સારી સમજ આપે . આમીન.

▪ **મસ્ત મંગેરા(કાંગવઈ)**

E-mail : mastamangerakangwai@yahoo.com
Mob : 9426771991

તંત્રી ,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ( 'મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ, ઈન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન :- વહોરા સમાચાર, કાર્યાલય સ્થળ :- અલીબાગ,સ્ટેશન સામે, સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :- ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

# કયામતથી જન્નત સુધી

- મૂસાજી દીપક બારડોલીકર

## :: પુલ સિરાત::

અલ્લાહની અદાલતમાં કેસોના ફેંસલા પછી શ્રધ્ધાવાન અને શ્રધ્ધાહીન લોકોને અલગ કરવામાં આવશે. આ સંદર્ભે ઇબ્ને કસીર નોંધે છે કે કેસોના ફેંસલા પછી, સમગ્ર મેદની સાંભળે એ રીતે, એક પોકારનાર, લોકોને તેઓ જેમને પૂજતા રહયા હતા તેમની પાસે ચાલ્યા જવા કહેશે. આથી અલ્લાહની ઇબાદત કરનારા ઇમાનદારો તથા અન્ય મનોવાંછિત ખુદાઓના પૂજકો, ઇમાનહીનો અલગ થઇ જશે.

એ સમયે ખાસ કરીને ઉઝૈર યા ઇઝરા (અલૈ.) ના પૂજક યહૂદીઓ, ઉઝૈર સ્વરૂપે ઉભા કરાયેલા એક શેતાન સાથે થઇ જશે. અને યાદ રહે કે યહૂદીઓ ઉઝૈર (અલૈ.) ને અલ્લાહના પુત્ર માને છે અને કહે છે કે બાદશાહ બખ્ત-નસ્રએ ચઢાઇ કરીને જેરૂસલેમનો નાશ કર્યો હતો ત્યારે યહૂદીઓના ધર્મગ્રંથ તવરાત નો પણ નાશ થઇ ગયો હતો. બાદમાં ઉઝૈરે પોતાની યાદદાસ્તના આધારે એ ગ્રંથ ફરી લખ્યો હતો અને ત્યારથી યહૂદીઓ ઉઝૈરને હઝરત મૂસા (અલૈ.) લેખવા લાગ્યા હતા.

ઇસાઇઓ હઝરત ઇસા (અલૈ.) ને અલ્લાહના પુત્ર માને છે. તેમના પૂજક છે. તેઓ હઝરત ઇસા (અલૈ.) સ્વરૂપે ઉભા કરાયેલા શેતાન સાથે થઇ જશે. એજ રીતે અન્ય ખોટા ખુદાઓના પૂજકો તેમની સાથે થઇ જશે, જે તેમને જહન્નમમાં દોરી જશે. કલામે પાકના શબ્દોમાં કહીએ તો.

અગર એ લોકો અલ્લાહ હોત, તો એ તરફ આવત નહીં. પણ (હવે) તેઓ ત્યાં (જહન્નમમાં) હંમેશા રહેશે. (અલ-અંબિયા-૨૧:૯૯) અને જે કોઇ અલ્લાહના સમોવડ (શરિક) ઉભા કરે છે તેના માટે અલ્લાહે જન્નત હરામ કરી છે. તેનું ઠેકાણું જહન્નમ છે. દુરાચારીઓ માટે ત્યાં કોઇ મદદગાર હશે નહીં.(અલ-માઇદા-૫:૭૨)

### શા માટે ઉભા છો ?

સૈયિદિના અબૂ સઇદ ખુદરી (રદિ.) વર્ણવે છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, ત્યાર પછી માત્ર અલ્લાહની ઇબાદત કરનારા ત્યાં રહી જશે. તેમને કહેવામાં આવશે. તમે શા માટે અહીં ઉભા છો, જયારે કે બીજા સૌ ચાલ્યા ગયા છે ? તેઓ કહેશે, અમે અમારા ખુદા માટે ઉભા છીએ.આથી અલ્લાહ એક એવા સ્વરૂપમાં તેમની સામે જાહેર થશે, જેનાથી તેઓ પરિચિત હશે નહીં. તે કહેશે  હું તમારો ખુદા છું. પણ તેઓ કહેશે: અમે તારાથી અલ્લાહની પનાહ ઇચ્છીએ છીએ. તે આવે અને અમે તેને ઓળખીએ નહીં ત્યાં સુધી અહીંથી ખસવાના નથી.

ત્યાર પછી અલ્લાહ એવા સ્વરૂપમાં જાહેર થશે, જેનાથી તેઓ વાકેફ હશે. કહેશે: હું છું તમારો ખુદા. તેઓ કહેશે: હા, તું છે અમારો ખુદા. પયગમ્બરો સિવાય કોઇ જેની સાથે વાતચીત કરી શકતું નથી. તેમને પૂછવામાં આવશે કે કોઇ એવી નિશાની છે, જે વડે તમે તેને ઓળખી શકો ? અને તેઓ કહેશે, ગોઠણથી ઘુંટી સુધીનો પગ અને અલ્લાહ પગના નળાનો ભાગ ખુલ્લો કરશે, જેમ કે કુરઆનમાં કહેવાયું છે.

જે દિવસે પિંડલી ખુલ્લી કરી દેવાશે અને (દંભીઓને) સજદા માટે બોલાવાશે તો તેઓ સજદો કરી શકશે નહીં. (અલ-કલમ-૬૮:૪૨)

હદીસમાં આગળ કહેવાયું છે, દરેક શ્રધ્ધાવાન તેની સામે સજદો કરશે, પણ તે લોકો કે જેઓ દેખાવ અને વખાણ માટે સજદા કરતા રહયા હતા તેઓ સજદો કરી શકશે નહીં. તેઓ સજદા માટે પ્રયાસ કરશે, પણ તેમની પીઠ એક અકકડ હાડકું બની જશે. અને ત્યાર પછી પુલ લાવીને જહન્નમ ઉપર ગોઠવી દેવાશે.

હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ) કહે છે: અમે પૂછયું- ઓ અલ્લાહના રસુલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ, આ પુલ શું છે ? આપ રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું એ એક લપસણો પુલ હશે. એના પર કાંટાળા આંકડા હશે. એક તરફ પહોળો, બીજે છેડે સાંકડો .. (બુખારી, મુસ્લિમ, અબૂ-દાવૂદ,મુસનદ અહમદ. હદીસનો અંશ)

મતલબ કે એ સમયે પિંડલીનો ભાગ ખુલ્લો થઇ જતાં ઇમાનદાર સદાચારીઓ તરત સજદામાં ઝૂકી જશે. માથું જમીન પર ધરી દેશે, પણ મુનાફિકો - દંભીઓ સજદો કરી શકશે નહીં. તેમની પીઠ અકકડ જેવી યા

ગાયના શિંગડા જેવી થઇ ગઇ હશે.

**પુલ સિરાત ઉપર:**

એ સાંકડા-પહોળા પુલ ઉપર નજદમાં થતા કાંટાળા છોડ - સાદાનના કાંટા જેવા ખતરનાક આંકડા હશે. હદીસમાં દર્શાવાયા અનુસાર કેટલાક ઇમાનવાળા એ પુલને પલક ઝપકતામાં પાર કરી લેશે, કેટલાક વીજળી ઝડપે યા ઝડપી ઘોડા યા ઉંટડીની ઝડપે પાર કરશે. અહીં મુસ્લિમો સલામત રહેશે. અલબત્ત કેટલાકને હળવા જખમ જરૂર થશે. પણ કેટલાક લોકો જહન્નમાં પડશે. એ દિવસે સ્પષ્ટ થઇ જશે કે શ્રધ્ધાવાન કોણ છે.

અને ત્યાર પછી પુલ ઉપરથી સલામત પાર ઉતરેલા શ્રધ્ધાવાનો જહન્નમમાં પડેલા તેમના ભાઇઓ વિશે સિફારસ કરતાં અલ્લાહને કહેશે, ઓ માલિક ! અમારા ભાઇઓ લડાઇમાં અમારી સાથે હતા, અમારી સાથે રોજા રાખ્યા હતા અને સારા કામો કર્યા હતા. અને અલ્લાહ કહેશે, જાવ અને તેમને જહન્નમમાંથી બહાર કાઢી લો, જેમનાં દિલોમાં એક કણ જેટલુંયે ઇમાન હોય !

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે વિશેષમાં કહયું, પયગમ્બર, ફરિસ્તા અને શ્રધ્ધાવાનો સિફારસ કરશે. અને ત્યાર પછી અલ - જબ્બાર (અલ્લાહનું ગુણ વાચક નામ) કહેશે: મારી સિફારસ બાકી રહે છે.તે એક મુઠ્ઠી ભરીને લાકોને (જહન્નમમાંથી) બહાર કાઢી લેશે.(બુખારી , મુસ્લિમ, અબુ દાઉદ, મુસનદ અહમદ)

**એક નહીં બે પુલ:**

બયહકીએ બઅસ વન-નૂશુરમાં, તબરાનીએ મતુલતમાં, તબરીએ તેમની તફસીરમાં અને અબૂ યઅલાએ તેમની મુસનદમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.) ના હવાલાથી નોંધેલી એક હદીસમાં કહયું છે કે જહન્નમ ઉપર પુલ એક નહીં, બે ગોઠવાશે.

એ હદીસના આવશ્યક ભાગના સાર અનુસાર શ્રધ્ધાવાનો ખુદાને ઓળખી સજદો કરશે અને ત્યાર પછી જહન્નમ ઉપર એક પુલ ગોઠવાશે. (એક અન્ય હદીસમાં આમ કહયું છે કે લોકો સજદો કર્યા પછી તેમના ખુદાની પાછળ ચાલતા થશે અને ત્યાર પછી જહન્નમ ઉપર એક પુલ ગોઠવાશે- એ પુલ ઉપર સાદાન છોડના કાંટા જેવા અણીદાર આંકડા હશે. એનાથી થોડા અંતરે એક બીજો પુલ હશે. લપસણો પુલ, લોકો એના ઉપરથી સહેલાઇથી પસાર થઇ જશે.

બુખારીની એક હદીસમાં અબૂ હુરયરહ (રદિ.) ની રિવાયત પ્રમાણે લોકો અલ્લાહને ઓળખશે અને તેની પાછળ ચાલતા થઇ જશે. હવે જહન્નમ ઉપર એક પુલ ગોઠવાશે. અને રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સૌથી પહેલા એ પુલ પાર કરશે. તે દિવસે રસુલોની દુવા આ હશે, ઓ અલ્લાહ, બચાવી લે. ઓ અલ્લાહ બચાવી લે. એ પુલ ઉપર સાદાનના કાંટા જેવા આંકડા હશે, એ આંકડા તેમના કર્મોના હિસાબે તેમને ઉંચકી લેશે. કેટલાક માર્યા જશે. અને કેટલાક ફસાયેલા રહેશે. બાદમાં મુકિત મળશે.

કુરતુબી નોંધે છે કે બીજો પુલ માત્ર શ્રધ્ધાવાનો માટે હશે. અને તેમનામાનાં કોઇ જહન્નમમાં પડશે નહીં. જયારે ઇબ્ને કસીરના મત પ્રમાણે એ જહન્નમ ઉપરથી પસાર થયા પછીનો એક અણધાર્યો પુલ હશે. કદાચ કોઇ ખાઇ ઉપર, જેના વિશે અલ્લાહ સિવાય કોઇ જાણતું નથી.

**ઉજાશ, અંધકાર:**

અહાદીસ દ્વારા જાણવા મળે છે કે પુલ સિરાત એક એવું સ્થળ હશે, જયાં આજુબાજુ ઘેરો અંધકાર હશે. સૈયિદા આયશા (રદિ.) વર્ણવે છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને પૂછવામાં આવ્યૂં કે જયારે આ ધરતીને એક નવી ધરતી-આકાશ વડે બદલવામાં આવશે એ દિવસે લોકો કયાં હશે ? અને આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું: તેઓ પુલ (સિરાત) ની આસપાસ અંધકારમાં હશે. (મુસ્લિમ, તબરાની કબીરમાં)

ઇબ્ને કસીર નોંધે છે કે આ સ્થળે દંભીઓ અને શ્રધ્ધાવાનો અલગ થઇ જશે. દંભી મુનાફિકો પાછળ રહી જશે અને શ્રધ્ધાવાનો આગળ જશે. અને તેમની વચ્ચે એક અવરોધ આવી જશે અને દંભીઓને શ્રધ્ધાવાનો સાથે ભળતા રોકી દેવાશે. જેમકે કલામે પાકમાં ફરમાને ઇલાહી છે કે: એ દિવસે જયારે દંભી પુરૂષો અને દંભી સ્ત્રીઓ, શ્રધ્ધાવાનોને કહેશે: અમારા પર નજર કરો કે અમે તમારા ઉજાશનો લાભ લઇ શકીએ.(તેમને) કહેવામાં આવશે:

(ક્રમશ)

## હઝરત મહંમદ (સલ.) સાહેબનાં ઉપદેશક અવતરણો

આજે હઝરત મહંમદ સાહેબના કેટલાક ઉપદેશક અવતરણો માણીએ. આ ઉપદેશો આજથી સાડા છસો વર્ષ પૂર્વેના છે, છતાં આજે પણ એટલા જ પ્રસ્તુત છે.

●●●

હે લોકો,
તમારી પત્નીઓ પર પ્રેમ રાખો અને તેમની સાથે દયાભર્યો વર્તાવ રાખો.
ખરેખર, અલ્લાહને વચ્ચે રાખીને તમે તેમને તમારી સાથી બનાવી છે, અને અલ્લાહના હુકમથી જ તેમનો દેહ તમારે માટે હલાલ ઠરાવવામાં આવ્યો છે.
ધ્યાન રાખો કે અલ્લાહ તલાકને બુરામાં બુરી વસ્તુ માને છે.

●●●

અને તમારી સાથે ગમે તેટલી ફોજ હશે તો પણ તમને કશો લાભ નહિ થાય, કારણ કે અલ્લાહ ઈમાનવાળાઓ સાથે છે.

●●●

જેનો વિશ્વાસ જેટલો પાકો તેટલી તેની વધારે પરીક્ષા કરવામાં આવે છે.

●●●

જો કોઈ ખ્રિસ્તી સ્ત્રી કોઈ મુસલમાન સાથે લગ્ન કરે તો તે મુસલમાન તેના માર્ગમાં કશી અડચણ નહિ નાખે. તેને દેવળમાં જતાં, પ્રાર્થના કરતા કે પોતાના ધર્મ પ્રમાણે વર્તતા રોકશે નહીં.

●●●

ખ્રિસ્તીઓનાં દેવળો તેમની પાસેથી છીનવી લેવાનો કોઈને અધિકાર નથી.

●●●

ખ્રિસ્તીઓના કાજીઓ અને સરદારને બદલવાનો કોઈને હક નથી.
કોઈ તેમને તેમના હોદ્દાઓ પરથી ખસેડી શકશે નહીં.

●●●

કોઈ પણ સ્થિતિમાં કપટ કે દગાથી કામ ન લેવું, અને કદી કોઈ બાળકની હત્યા ન કરવી.

●●●

આપણાં દુ:ખ આપણા પાપો ધોવા માટે છે. ખરેખર અલ્લાહ પર ભરોસો રાખનાર કોઈ માણસને એક કાંટો વાગે, તો અલ્લાહ તેની મારફતે તેનો મોભો વધારી દે છે અને તેનું એક પાપ ધોવાઈ જાય છે.

●●●

બેશક જે મસ્જિદ(ઇસ્લામની સૌથી પહેલી મસ્જિદ 'મસ્જિદે કુબા') નો પાયો પ્રથમ દિવસે જ પરહેઝગારી પર નાંખવામાં આવ્યો છે, તે ખરેખર યોગ્ય જ છે. આપ તેમાં નમાઝ માટે ઉભા રહો, આ મસ્જિદમાં એવા નેક પુરુષો આવશે જેઓ પાક-સાફ (પવિત્ર) રહેવાનું પસંદ કરે છે.
અને અલ્લાહ પણ એવા જ પાક-સાફ રહેનાર બંદાઓને પસંદ કરે છે.

●●●

ખ્રિસ્તી કોમ સામે કોઈ હથિયાર નહિ ઉપાડે. હા, તેમના રક્ષણ માટે હથિયાર ઉઠાવવાનો મુસ્લિમોનો ધર્મ છે.

●●●

ખરેખર તમે લોકો અત્યારે એક એવા જમાનામાં રહો છો કે તમને જે આદેશ આપવામાં આવે છે,
તેના દસમા ભાગનો પણ જે ભંગ કરશે તે પાયમાલ થશે.
પરંતુ હવે પછી એવો સમય આવશે જયારે લોકોમાંથી જે અત્યારના આદેશોના દસમા ભાગનો પણ અમલ કરશે તેને મુક્તિ મળશે.

●●●

મારા મૃત્યુ પછી પાછા સત્ય અને ઈમાન છોડીને અસત્ય અને ભ્રમોમાં ન ફસાતા, એટલે કે ઈમાન ખોઈ ના બેસતા અને ફરીથી એકબીજાના ગળા કાપવા માંડી ન પડતા.

●●●

ધર્મિષ્ઠ માનવીએ કદી રેશમી વસ્ત્રો ન પહેરવાં જોઈએ.

●●●

અલ્લાહે દરેક માનવીને તેના બાપદાદાની માલમિલકતમાંથી તેનો હિસ્સો મુકરર કરી આપેલ છે.
એટલે જેનો હક છે તે તેની પાસેથી છીનવી લેનારું કોઈ વસિયતનામું ખરું માનવામાં નહિ આવે.

●●●

મારે નથી જોઈતા પૈસા કે નથી જોઈતું રાજ. હું તો તમને માત્ર ખુદાનો સંદેશ સંભળાવવા આવ્યો છું.
જો તમે મારી વાત માનશો તો આ લોકમાં અને પરલોકમાં બંનેમાં તમારું ભલું થશે.

●●●

## ... સાહસથી જ સિધ્ધિ ...

**સુકું મીલતા હૈ દો લફઝ કાગઝ પર ઉતારકર,**
**કેહ ભી દેતા હું ઔર આવાઝભી નહી હોતા.**

મિત્રો, કોઇકની સલાહ અને સુચનથી માર્ગ જરૂર મળે છે પણ મંઝિલ પ્રાપ્ત કરવા માટે જાતે જ મેહનત કરવી પડે છે. મારું પર્સનલી એવું માનવું છે કે, સફળ બનવાં માટે નીષ્ફળ થયેલ વ્યકિતઓનાં જીવનચરિત્રો વાંચવાં જોઇએ.દરેક મહાન વ્યકિતઓનાં જીવનચરિત્રો વાંચવાથી તો વાંચનારને દોડવાની મહેચ્છા મળે છે તે સ્થાન પર પહોંચવા માટે. અને આ શકય નથી. હું એવું માનું છું કે, દોડવાની શરૂઆત ચાલવાથી થાય છે. જો ચાલતા જ ન આવડે તો દોડવાનો કોઇ સવાલ જ પેદા થતો નથી. બાળક પેહલાં ચાલતાં શીખે છે પછી દોડતા શીખે છે અને પછી છલાંગો મારે છે. અને સિધ્ધિ માટે ચાલવાની કે આરંભ કરવાની અને જો કદાચ નિષ્ફળ જાવ તો તેવી પરિસ્થિતિમાં ટકી રેહવાની તો પ્રેરણા નિષ્ફળ થયેલાં લોકોનાં જીવનચરિત્રોમાંથી જ પ્રાપ્ત થાય છે. તમારે સફળતા પ્રાપ્ત કરવી છે તો તમારી પોતાની જાત પર વિશ્વાસ રાખો. અને સાહસ વિના સિધ્ધિ પ્રાપ્ત થાય એ બાબત ભુલી જાઓ. સફળતા પ્રાપ્ત કરવી છે તો હંમેશા તૈયારી સાથે રહો. તમારી સફળતા તમારી કાર્ય કરવાની શકિત અને તમારી ખુમારી પર નિર્ભર છે. અને સફળ થવા માટે પેહલાં જીમ્મેદાર બનવું પડે છે.
જે દિવસે દિકરાને માં નહી પણ જવાબદારીઓ જગાડવાનું શરૂ કરી દે ત્યારથી સમજી જવું કે, હવે તે પરિવારની સંભાળ રાખવાને કાબીલ થઇ ગયો છે.

જીવનના એકલાપણામાંથી તે જ વ્યકિત પસાર થાય છે જે જીવનમાં સાચા નિર્ણયો લે છે. અને સાચા નિર્ણયો જે લે છે તે જીવનમાં ઘણું વેઠે છે. પણ એકવાર એ માર્ગે દોડી જવાં પછી તેને વધુ અડચણો ઉભી થતી નથી.કેમકે, એ માર્ગ પર ભીડભાડ હોતી નથી. કેમકે સમાજ સભ્યો ઘેટાનાં ટોળાં સાથે ચાલવા ટેવાયલાં છે. તમારી સફળતા માટેનાં સર્વે સાચા નિર્ણયો અને અથાગ સાહસો તમારે જ કરવા પડશે. ઝમાનો શું કેહશે એની ચિંતા છોડી દો.કેમકે ઝમાનો અજીબ છે જો તમે નિષ્ફળ ગયા તો તમારી મજાક ઉડાવશે અને તમે સફળ થયાં તો તમારી ઈર્ષ્યા અને અદેખાઇ કરશે. તમારે શું કરવાનું છે તે તમે નકિક કરો. જો તમે બીજાની ચાલે ચાલવા જશો તો તમે તેનાં વિચારો અને તેનાં અભિપ્રાયોનાં ગુલામ સાબીત થઇ જશો. તેથી ઉધાર વિચાર ટાળો. ભલે નાની તો નાની પણ શરૂઆત તો કરો. તમારી નાની શરૂઆત જયારે સફળતાનું મોટું સ્વરૂપ ધારણ કરશે ત્યારે તમારી વિચારધારા તમને એટલીસ્ટ સાંત્વના તો આપશે! કે તમે જે કઇક પ્રાપ્ત કર્યુ છે તે તમારા દમપર પ્રાપ્ત કર્યુ છે. જીવનમાં કદી પણ હાર ન માનો.કમસેકમ શરૂઆત કરો. તમે જરૂર સફળતા પ્રાપ્ત કરશો.

સમાજનાં ડરથી તમારા લક્ષ્યો અને નિર્ણયો કદી ન બદલશો. સમાજ ફકત નસીહત આપી શકે રોટી નહી. અને તમને જો ટેકનોલોજીનાં કીડા હોય તો એ પણ યાદ રાખવું કે રોટી ગુગલ પરથી ડાઉનલોડ થતી નથી. તમે જીવનમાં કદીયે ભોળા-ભાળા ન બનો, માસુમ ન બનો. માસુમ હમેશા થોકરો ખાય છે કેમકે એ ભૂલી જાય છે કે આ કળયુગ છે. માસુમ લોકોની મોટામાં મોટી ભૂલ એ છે કે તેઓ ચાલાક લોકો પર પોતાનાઓ કરતાં પણ વધારે ભરોસો કરી બેસે છે.અને આ બાબતથી વિરૂધ્ધનો વિચાર કરીએ તો અમૂક લોકો એટલા માટે અટવાય છે કે, તેઓ ફકત સ્વપ્નો જ જુએ છે. તેને હકીકતમાં ફેરવવાનાં સઘન પ્રયાસો કરતાં નથી. તેવાં લોકોને મારે એ બાબત કેહવી છે કે , ફકત સ્વપ્નો જોવાં કાફી નથી. કારણ કે, તમે કઇ ન કરો ત્યારે તો તમને દરવાજો પણ દિવાર જેવો જ લાગશે.તેથી ફેઇલ થઇ જવું કે અસફળ થવું એ કોઇ ચોંકાવનારી બાબત નથી પણ એ નિષ્ફળતામાંથી અને આવી થોકરોમાંથી પણ તમે કાઇ જ ન શીખો એ તમને કદીયે ઉભા થવા દેશે નહી. તેથી પડતાં રહો અને

ભટકતાં રહો સફળતાની શોધમાં પણ સાથે એક આવશ્યક બાબત એ છે કે દરેક પછડાટમાંથી કંઇક ને કંઇક શીખતા રહો. સહુએ એ બાબત યાદ રાખવી કે શોખ બાપનાં પૈસે જ પુરા થાય છે બાકી આપ કમાઇથી તો ફક્ત ખાડો જ પુરાઇ રહે છે.

સમયને તેજ પ્રમાણે સાચવો જેવી રીતે તમે તમારી કિંમતી ચીજોને સાચવો છો. સમયની કદર કરો. જે મહાન બન્યાં છે તેમણે કદી પણ પોતાના સમયને વેડફ્યો નથી. આઠ બાબતોમાં કદી પણ તમારો સમય બરબાદ ન કરો.

(૧)લોકો શું કેહશે અને લોકો શું વિચારશે.

(૨)બીજા સાથે પોતાની તુલના કરવામાં સમય ન વેડફો.

(૩)એવી દરેક દશ્યશ્રાવ્ય બાબતો જેવી કે ટીવી કે મોબાઇલ પર આવતાં સમાચારો, વિડીઓ કે અન્ય બાબતો જેનું તમારા જીવન સાથે કે તમારી લાઇફસ્ટાઇલ સાથે કોઇ સંબંધ નથી.

(૪)ડરી ડરીને જીવવાનું ટાળો.જે બાબત છે જ નથી તેનો વિચાર નિરર્થક છે.

(૫)કોઇપણ કાર્ય સમય પર પૂર્ણ કરો. એ કાર્ય અધુરૂ પણ ન છોડો અને એમાં જરૂરત કરતાં વધારે સમય પણ ન બગાડો.

(૬)જે ભુલ થઇ ગઇ એને વાગોળયાં ન કરો. તે સુધારવાનો પ્રયાસ કરો.

(૭)બીજાની ભુલો શોધવામાં સમય ન બગાડો.

(૮)બદલો લેવાની ભાવનામાં સમય ન વેડફો.એ સમયનો સદુપયોગ કરી તેને તમારી સફળતા થકી જવાબ આપો.

અહીં ચર્ચાની એક બાબત એ પણ છે કે તમે સફળતા માટેનાં શોર્ટકટ શોધવાનાં બંધ કરી દો કેમકે જીવનમાં સફળતાં માટેનાં કોઇ શોર્ટકટ હોતાં નથી. અને કદાચ કોઇ વ્યકિત સસ્તે માર્ગે સફળ થઇ પણ જાય તો એ સફળતાં લાંબુ ટકતી નથી. સફળતા કે સિધ્ધિ એ કોઇનાં બાપની જાગીર નથી. સિધ્ધિ તેને જય વરે જે પરસેવે ન્હાય.સાહસનો બીજો કોઇ સાથીદાર નથી અને પરિશ્રમનો બીજો કોઇ વિકલ્પ નથી.તમે મેહનત કરો,પરિશ્રમ કરો ને સાહસનો માર્ગ અપનાવો સફળતા તમારી જ છે. એટલે સ્વપ્નો જોવાં એ સારી બાબત છે પણ એ કેમ ભુલી જાઓ છો કે, સ્વપ્નો તે નથી જે ઉંઘમાં આવે છે. ખરેખર તો સ્વપ્નો તે છે જે સુવાં દેતાં નથી. તેથી એમ કહું તો ખોટું નથી કે જલ્દબાજીમાં કરાયેલો ભરોસો અને મેહનત વગર સેવવામાં આવતી આસ હર હંમેશ ધોકો જ હોય છે.આપણી કઠણાઇ એ છે કે આપણે વર્ચ્યુલ વર્લ્ડનાં એટલા તો નશેડી થઇ ગયાં છીએ કે આપણને એચ્યુલ વર્લ્ડનું મહત્વ અને તેની આવશ્યકતા સમજાતી જ નથી. કેમ આપણે સહુ પોતાના ઘરોમાં જ સાથે રેહવા છતાં એકબીજાથી કોસો દૂર થઇ ગયાં છીએ! મારી ચર્ચાનું તાત્પર્ય એ છે કે ડિજિટલ સ્ક્રીન પર વધુ સમય ગાળવાનું ટાળો. એના કરતાં કંઇ સારા પુસ્તકો લાવીને વાંચો કે જેનાથી જીવન મૂલ્યો કેળવી શકાય. મોટીવેશ્નલ સ્પીચીસ સાંભળો જેનાથી આગળ વધવાં માટેનો ઉત્સાહ વધે અને જીવનમાં કંઇક કરી બતાવવાની ઉત્કંઠા જાગે. બીજા વિશે વિચાર કરવાની જરૂર નથી સહુ પોતાની જાત વિશે વિચારે. સફળતા એટલી સસ્તી નથી કે ઉપરવાળો કોઇ ચાલતાં ફરતાંને પકડાવી દે. કુદરત કંઇક સારું આપવા માટે પરીક્ષાઓ લે જ છે અને એમાં ખંતપૂર્વક આગળ વધનાર અને સફળતા મેળવવા માટે અને જે સિધ્ધિ હાંસલ કરવા માટે સાહસ ખેડે છે.સાહસ છે તો સિધ્ધિ છે અને સાહસ નથી ત્યાં સિધ્ધિ નથી. સાહસ અને સિધ્ધિ બંને એક સિકકાની બે બાજુ છે. સસ્તી સફળતા માટેનાં વલખાં અને સફળતા માટેનાં શોર્ટકટસ શોધવાનું છોડી દો. અહીં તમારી તાકતનું કોઇ વેલ્યુ નથી.છાતી તો બધા જ રાખે છે પણ એ છાતીમાં હિમ્મત હોઇને તો ધાર્યા લક્ષ્યો પાર પાડી શકાય. તેથી ભલે શરૂઆત નાની કરો પણ કંઇક મોટું વિચારો. તમે પડી જાઓ પણ હાર ન માનો.

(પટેલ મ.સાલેહ મ.હુશેન - નૂર લિંડીચાતવી.)

# એક તણખલાની વાત

- હનીફ નાડત (કોટ)

આલ્યા સાંભળો છો કે? આપણા ગામના માજી સરપંચ અને સફળ રાજકારણી એવા ગની શેઠને અન્નનળીનું કેન્સર થયુ અને આવતી કાલે સવારે તો એમના ત્રણેવ દિકરાઓ એમને મુંબઇ ઇલાજ માટે લઇ જવાના છે. ગની શેઠની તબિયત આમતો છ એક મહિનાથી નરમ ગરમ હતી જ. એમા આમ એમને એકા એક કેન્સર જેવા ભયાનક રોગે ભરડામાં લીધા એ વાત ગામ આખામાં જાણે આભ ટુટી પડયુ હોય એવો આંચકો લાગ્યો હતો. સળંગ વીસ વર્ષો સુધી ગની શેઠે ગામમાં એક ચક્રી શાસન કરેલુ. મોટા મોટા રાજકારણીઓ એમના ગજવામાં એમના એક ફોને કામ થઇ જાય એવા ખંધા રાજકારણી. એમની બિમારીના સમાચાર વાયુવેગે ગામ અને આસ પાસના ગામડાઓમાં પણ પહોંચી ગયા હતા. લોકો વારા ફરતી એમની ખબર પુછવા તો આવતાજ રહેતા. એમના ગામમાં વિરોધીઓ પણ હતા જ પણ એઓ પણ મને ક મને એમની ખબર પુછી ગયેલા અને છેવટે એમને કાલે સવારે મુંબઇ લઇ જવાના હતા.

આમ તો વર્ષો થયા આ વાતને કે જયારે ગની શેઠ સાવ ગરીબ હતા. ગામમાં ખાનસાબના દિકરા ફીરોઝનું ત્યારે એક ચક્રી શાસન. ખાનસાબ અંગ્રેજોના વખતના પોલીસ પટેલ હતા. અંગ્રેજો ગયાને દેશ આઝાદ થયો અને લોકશાહી આવી એમાં ખાનસાબનો દિકરો ફીરોઝ આ ગામનો પ્રથમ સરપંચ બની ગયેલો અને ત્યાર પછી કાયમ સરપંચ એ ફીરોઝ જ બનતો રહયો. ખાનસાબની ગામ લોકોમાં ધાક અને અંગ્રેજોના સમયમાં એકઠી કરેલી જમીન જાયદાદ, અઢળક પૈસો આ બધાના જોરે ખાનસાબનો દિકરો ફીરોઝ જાણે ગામનો રાજા જ બની ગયો હતો. અને એવામાં આવી હતી ગામના સરપંચની ચૂંટણી. એમાં થોડુ ઘણુ વધુ ભણેલા ગની શેઠે પણ સરપંચનું ફોર્મ ભર્યુ અને ફીરોઝ ખાન છંછેડાયો હતો. સામ-દામથી ગની શેઠને ફોર્મ પરત ખેંચી લેવા સમજાવ્યો પણ ગની શેઠ એકના બે ન થયા, ત્યારે દંડ સ્વરૂપે ફીરોઝખાનના પઠ્ઠાઓએ ફળીયા વચ્ચે ચૂંટણી પત્યા પછી ગની શેઠને વરસો પહેલા ઢોર માર મારેલો, ત્યારે ગની શેઠને ગામમાંથી પચાસ મત પણ મળ્યા ન હતા. ફીરોઝ એન્ડ પાર્ટી સામે ટકકર લેવી એ લોઢાના ચણા ચાવવા જેવું કપરૂ હતું. ગની શેઠની ત્યારે કારમી હાર થઇ હતી અને ફીરોઝખાન સરપંચ પદે પાંચ વરસો સુધી નિમાયા હતા. ગની શેઠ ચૂંટણી હારી ગયેલા એના કરતા એમને એમના ઘરની સામે ઢોર માર પડેલો એ અપમાન એ ભુલ્યા ન હતા. કાયમ ગની શેઠ ત્યારે ખુન્નસમાં રહેતા. ફીરોઝ ખાનની સામે બદલો લેવાનું એ સ્વપ્નમાં પણ વિચારી ન શકતા, ત્યારે ફીરોઝખાન ગની શેઠને નીચા પાડવાની કોઇપણ તક જવા ન દેતો. ગામમાં ત્યારે ગની શેઠ ગરીબ ગાય જેવા, ના કોઇ એમને સાથ દેવાવાળુ હતું. ગામ લોકો ગની શેઠને કહેતા અલ્યા ગનીયા અમને પણ આ ફીરોઝ દીઠો ગમતો નથી પણ શું કરીએ, એની સામે ટકકર લેવાનું અમારૂ ગજુ જ નથી, એની તો હાળાની ઉપર સુધી પહોંચ છે, તું તાગખલા જેટલો બિલાડીના ગળામાં ઘંટ બાંધવા ઉભો થયો ત્યારે તને માર ખાવાનો વાળો આવ્યો ને... ગામ લોકો જયારે ગની શેઠને આવી આવી વણમાગી સલાહો આપતા તો વળી કેટલાક ગામ લોકો ગની શેઠની મશ્કરીઓ પણ કરતા, ત્યારે ગની શેઠ અપમાનનો ઘુંટડો ગળી જતા. ગામમાં કોઇ એનો સાથી નહીં. બસ ગની શેઠ ત્યારે ગામ આખામાં થુ થુ થઇ ગયેલા,પણ ગની શેઠના મગજમાં ચૂંટણી હાર્યા પછી કેવી રીતે ફીરોઝ ખાન એન્ડ પાર્ટીને સબક શીખવાડવો એનાજ વિચારોમાં દિવસ રાત ગુજારતા.

અને ત્યારે ગામમાં એક એવો બનાવ બન્યો કે ગામના ગુલા દરજી નો એકનો એક દિકરો યાકુબ જે પોતે પણ બાપના ગુજરી જવા પછી ગામના બૈરાઓના કપડાં સીવીને ગુજરાન ચલાવતો, એ આ ગની શેઠનો ત્યારનો ખાસમ ખાસ મિત્ર હતો. પણ એ ટેભા ભરનારો પણ ફીરોઝ ખાનનું શું બગાડી શકવાનો, છતાં પણ ગની શેઠ પોતાની વિતક યાકુબ ને કહીને મન હલકુ કરતા યાકુબ એને દિલાસો આપતો અને અપમાનનો બદલો લેવાનું માંડી વાળવા કાયમ ગનીને સમજાવતો. એવામાં એની પત્ની ફરીદા પ્રથમ સુવાવડ કરીને યાકુબના ઘેર રૂપાળી ઢીંગલી જેવી દિકરીને લઇને આવી. યાકુબ

સંતોષી જીવ હતો. એના પરિવારના રોટલા એ કપડાં સીવીને કાઢી લેતો.જયારે ગની શેઠ ત્યારે રમતા રામ. આવામાં એક દિવસ અચાનક ગામમાં વાયુ વેગે વાત પ્રસરી કે યાકુબ ગાંડો થઇ ગયો. કોઇ કહેતુ યાકુબને વળગાડ છે તો કોઇ એમ કહેતુ કે હાળો ફેલ કરે છે. જે હોય એ પણ જયારે યાકુબને ગાંડપણ ઉભરતુ ત્યારે એની પત્ની પણ એને પકડી શકતી નહી. યાકુબ ત્યારે વિકરાળ હિંસક પશુ જેવો બની જતો. કોણ જાણે કયાંથી એના શરીરમાં શૈતાની તાકાત આવી જતીકે પંદર વ્યકિતઓ પણ એને પકડી ન શકતા. આવુ ગાંડપણ યાકુબને મહીનામાં બે-ત્રણ વાર આવવા લાગ્યું. એમાં ગામના બૈરા એની પાસે કપડાં શીવડાવવા જતા પણ ડરવા લાગ્યા. યાકુબની બીમારીથી એની પત્ની ફરીદા પણ પરેશાન રહેવા લાગી. દવા-દુવાના ચકકરો શરૂ થયા. જયારે યાકુબ સારો થતો ત્યારે સીવવા સંચે બેસતો પણ ઘરાક જ ન હોય ત્યાં એ સીવવાનો શું. ધીમે ધીમે ઘરમાં ભરેલુ ખાલી થવા લાગ્યું. ફરીદા વારંવાર એના પિયરથી અનાજ પાણી લઇ આવતી. ગની શેઠ પણ ત્યારે બીતા  બીતા યાકુબ પાસે બેસવા જતા, કેમકે કયારે યાકુબને ગાંડપણ ઉભરે ને એ હિંસક પશુમાં રૂપાંતર થઇ જતો એ કંઇ કહેવાતું નહીં. આમને આમ સમય પતંગીયાની પાંખે પસાર થતો રહયો. હિરોઇનને ટકકર મારે એવી યાકુબની રૂપાળી પત્ની પર ગામ લોકોની કુ દ્રષ્ટિ પડવા લાગી. ફીરોઝ ખાન ફરીદાને સહાનુભુતી બતાવવાના બહાને ટાણે કટાણે યાકુબના ઘરના ફેરા ફરતો હતો. યાકુબ  અમસ્તો એના સંચા પર બેઠો હોય ત્યારે ગની શેઠ પણ ડરતા ડરતા મિત્ર દાવે થોડી વાર બેસી આવતા. એક વાત ચોકકસ હતી કે આવી પડેલી આવી અણધારી આપત્તિમાં પણ ફરીદા મકકમ રહી હતી. ગાંડા પતિને સાચવવાનું તથા નાની બાળકીની જવાબદારીએ બધુ મુંગે મોઢે ફરીદા સહન કરી રહી હતી. ફરીદાને માથે તો જાણે આભ ટુટી પડયું હતુ. એના માવતર એને કહેતા કે ફરીદા એ ગાંડયા ને છોડીને આવતી રહે, પણ ના નોધારા યાકુબને છોડી જવાનું  એને કયારેય મંજુર ન હતું. એના મા-બાપને ફરીદા કહેતી હવે જેવું મારૂ નસીબ  મારેતો હવે આજ વર ને  આજ ઘર આમ મન મનાવીને ગાંડીયા પતિ જોડે ફરીદા દિવસો વિતાવી રહી હતી.

એક ઉનાળાની બપોરે જમી પરવારીને ફરીદા તળાવે કપડા ધોવા ગઇ, નાની દિકરીને પણ જોડે લીધી. યાકુબ ઘરના આંગણે એના સંચા ઉપર બેસી બગાસા ખાતો હતો. ઘરાક તો બીકના માર્યા કોઇ ફરકતા નહીં. એક કાપડના ટુકડાને કાતર વડે યાકુબ કતરી રહયો હતો. અચાનક એની આંખોમાં ખુન્નસ ભરાયુ, હાથ પગ ખેંચાવા માંડયા,જાણે શરીરમાં કોઇ અસુરી શકિત દાખલ થઇ રહી હોય.એક તો ઉનાળાનો તાપ અને યાકુબના મગજે ગુમાવેલો કાબુ, યાકુબ પરસેવે રેબઝેબ થઇ ગયો, એક ચકલુય ફળીયામાં ફરકતુ ન હતું. સર્વત્ર સન્નાટો હતો. એકા એક યાકુબ ઉભો થયો. હાથમાં કાતર લઇને નાકમાંથી સુસવાટા ભરતા આંખલાની જેમ ઘરની બહાર નીકળ્યો અને ઉભા ફળીયે જોર ભેર ચાલવા લાગ્યો. બપોરનો સમય એટલે ગામમાં અવર જવર પણ ન હતી અને ફળીયુ ચીરીને યાકુબ સીધો પહોંચ્યો ફીરોઝના બારણે. ફીરોઝ એના પઠ્ઠાઓ જોડે ઘર બહાર લીંબડાના છાંયડે ખાટલા ઉપર આડો પડયો હતો. એના સાગરીતો આસપાસ ખુરશી પર બેઠા હતા. યાકુબ સીધો કાતર લઇને પહોંચ્યો ફિરોઝના ખાટલા પાસે .. અને આંખાલાની જેમ ફુફાડા મારીને હાથમાં પકડેલી કાતરથી સીધો ફીરોઝના પેટ ઉપર ઉપરા-ઉપરી ઘા કરવા માંડયો. ફીરોઝ કે એના સાગરીતો કંઇ વિચારે એ પહેલા દશેક ઘા ફિરોઝના શરીર પર કરી નાંખ્યા અને સેકંડમાં ફીરોઝનું પ્રાણ પંખીડુ ઉડી ગયું. પેલા સાગરીતો એવા ડઘાઇ ગયેલા કે પાંચ મિનિટ તો ત્યાં સન્નાટો છવાઇલો રહયો. અંતે પેલા સાગરીત માના એકે  યાકુબના માથામાં લોખંડના સળીયાથી એવા ફટકા માર્યા કે યાકુબ પણ ત્યાંજ ઢગલો થઇને પડયો. એક સાથે બે મર્ડરથી ગામ આખામાં સન્નાટો વ્યાપી ગયો. ફીરોઝ ખાન અને યાકુબ ગાંડીયાની લાશો ત્યાં પડી હતી. ગામ આખુ ત્યાં આવીને ઉભુ હતું. કોઇક ફરીદા ને પણ તળાવે જઇને બોલાવી લાવ્યું હતું. પોતાના ગાંડીયા ધણીની લાશ જોઇને ફરીદાએ છુટી પોક મુકી. અળધો કલાકમાં તાલુકેથી પોલીસ કાફલો આવી

પહોંચ્યો. પંચનામુ કરી લાશને પોસ્ટમોર્ટમ માટે રવાના કરી. પેલા સાગરીતે યાકુબને મારી નાંખ્યો હતો એ સ્વીકારી લીધુ. જરૂરી કાર્યવાહી કરી પોલીસ જતી રહી. ફીરોઝ ખાન અને ફરીદાના ઘરમાં રોકકળ શરૂ થઇ. અંતે ફીરોઝ ખાનના સાગરીતને યાકુબની હત્યા સબબ આજીવન કારાવાસની સજા થઇ. ફરીદા રડી રડીને દિવસો પસાર કરવા લાગી.

ફીરોઝ ખાનના મૃત્યુ પછી એના દિકરાઓમાં એટલો પાવર ન હોવાથી ગામ લોકોએ ગનીને બીન હરીફ ગામનો સરપંચ બનાવી આપ્યા અને ત્યારથી લઇને આજ સુધી ગની શેઠે પાછુ ફરીને જોયુ ન હતુ. ગામની ચોતરફ ખેતી લાયક જમીનો તથા કોઠા કબાડા કરીને ગની શેઠ અઢળક મીલ્કતના માલીક થઇ ગયા હતા. ફીરોઝ ખાનના મૃત્યુ બાદ ગનીએ પાછુ વળીને જોયુ ન હતુ અને એક ખંધો રાજકારણી એ બની ગયો હતો. અલબત્ત ગામના પણ એણે ઘણા પડતર કાર્યો પણ કરાવ્યા હતા એટલે ગામ લોકોને એની સામે કોઇજ વાંધો ન હતો. આ હતી ગની શેઠની કહાની અને કાલે સવારે દિકરાઓ એને મુંબઇ લઇ જવાના હતા. મળવા આવનાર ઓછા થયા.રાત્રે નવેક વાગ્યા હશે,ગની શેઠ એમના ભવ્ય બંગલામાં એસીની ઠંડકમાં બીછાને સુતા હતા. અન્ન નળીના કેન્સરના લીધે એમના મોઢા માંથી એક તીવ્ર પ્રકારની ગંધ કમરામાં ફેલાઇ હતી. મને કમને દિકરાઓ અને ગની શેઠની પત્ની સેવામાં જોતરાયા હતા. ત્યાં અચાનક બીછાને સુતેલા ગની શેઠ બોલ્યા,ભાઇ જરા કોઇ જઇને ફરીદા ભાભીને બોલાવી લાવો. આવુ સાંભળીને હાજર સહુ ગની શેઠને જોવા લાગ્યા. પપ્પા અત્યારે રાત્રે વળી ફરીદાનું તમને શું કામ પડયું ? જાવને ભાઇ જલ્દી જાવ અને ફરીદાને બોલાવો, કદાચ મુંબઇથી હું જીવતો પાછો ન પણ ફરૂ. વર્ષો પહેલાની એક વાત મને ચેનથી મરવા પણ ન દેશે. જાવ જટ કરો અને વચલો દિકરો તરત ફરીદાના ઘેર દોડયો. ફરીદાની દિકરી પણ યુવાન થઇ ગઇ હતી. એને ઘરમાં બેસાડી ફરીદા તરત ગની શેઠના બંગલે આવી. ગની શેઠના રૂમમાં જેવી ફરીદા આવી કે ગની શેઠે પોતાની વિતક ફરીદાભાભીને સંભળાવી શરૂ કરી. સારૂ કર્યુ ફરીદા ભાભી તમે આવ્યા એ મારા જીવનનાં આ અંતિમ શ્વાસો ચાલી રહયા છે. મારા મોઢા માંથી એક તીવ્ર ગંધ નિકળે છે, છતાં પણ અહીં મારી સામે બેસો મારે તમારી ખરા હૃદયે માંફી માંગવી છે એમ કહી ગની શેઠે વાતની શરૂઆત કરી. ફરીદા ભાભી હું તમારો ગુન્હેગાર છું. વર્ષો થયા આ વાત મેં કોઇને કહીજ ન હતી આજે મરતા પહેલા તમને જણાવી દઉ. ભાભી યાદ કરો મારા મિત્ર યાકુબે ફીરોઝ ખાનને પતાવી નાંખ્યો હતો એ વાત ભાભી ફીરોઝ ખાનને યાકુબના હાથે પતાવી નાંખવાનો મારોજ રચેલો પ્લાન હતો. યાદ કરો એ દિવસ જયારે તમે કપડા ધોવા તળાવે ગયા ત્યારે નજર ચુકવીને હું જ યાકુબ પાસે આવીને યાકુબને તમારા અને ફીરોઝના આડા સંબંધો છે એમ કહીને ઉશ્કેરેલો અને યાકુબ મારી એ વાત સાચી માનીને દોડયો ફીરોઝને મારવા અને એણે ફીરોઝને તો પતાવી દીધો પણ પોતે પણ મૃત્યુ પામ્યો અને તમારૂ જીવતર મેંજ ઝેર બનાવી નાંખ્યું. ભાભી માફ કરો મને, ઉપરવાળો બધુ જોઇ જ રહયો છે.આ બધી સમૃધ્ધી મેં મારા ભાઇબંધની લાશ પર પગ મુકીને મેળવી છે ખરેખર ભાભી હું તમારો ગુન્હેગાર છું મારા લીધે તમો વિધવા થયા.

આવું ગની શેઠના મોઢે સાંભળીને હાજર જનો તો આશ્ચર્યમાં પડી ગયા. ત્યાંજ ફરીદા ભાભી વરસતી આંખે બોલવા માંડી ગનીભાઇ કરેલા કર્મોની સજા અહીંયા પણ ભોગવવાની છે. મને નોધારી અને મારી દિકરીને યતીમ બનાવીને ઉભા કરેલા તમારા સામ્રાજયથી તમે શું મેળવ્યું ? હું તો ગરીબ તણખલા જેટલી મારી વિષાત પણ શું તમારી આગળ પણ ગાંડો તો ગાંડો મારો ધણી તો હતો. એમના જવા પછી કંઇ કેટલાએ મારા ચીર હરણ કરવાની કોશીશ કરી. તમારા કાવાદાવાએ મારૂ જીવતર ધુળમાં રોળી નાંખ્યું છતાં જાવ તમને માફ કર્યા. કયાંય સુધી રડયા પછી ફરીદાભાભી વિદાય થઇ. ગની શેઠના કારનામા ઘરવાળાઓ સામે છતા થઇ ચુકયા હતા. ગની શેઠની પત્ની પણ રડી રહી હતી.

સવારે વહેલા ઉઠીને જોયુ તો ગની શેઠ આ ફાની જગત છોડી અનંતની યાત્રાએ ઉપડી ગયા હતા.એક સમયના ખેલંદા ગની શેઠ અંતે સાંજે દફન થઇ ગયા હતા.

## તાજા ફળો તથા શાકભાજીના જ્યૂસનું મહત્ત્વ

કુદરતે આપણા વિકાસ માટે દરેક પ્રકારના ફળ અને શાક પ્રદાન કર્યા છે. પ્રકૃતિના ખજાનામાં એવા ફળ, શાક અને પાંદડાયુક્ત ભાજીનો ભંડાર છે. જેના સેવનથી મનુષ્યને રોગમુક્ત રાખવામાં સહાયક છે. વિટામીનોથી ભરપૂર લીલાં શાક, બીટ, અંજીર, દાડમ, તડબૂચમાં કેલ્શિયમ તથા આર્યન સમાયેલું છે. કેરી, ખજૂર પાંદડાયુક્ત (મેથી અને ફૂદીના) માં આર્યન મળી રહે છે. આપણને ફોસ્ફરસ ગાજર, પેરૂમાંથી મળી રહે છે. પોટેશિયમ લસણ, મૂળા, બટાટા, ટામેટા, સફરજન દ્વારા મેળવાય છે.

પેટમાં હાઈડ્રોક્લોરિક એસિડનું નિર્માણ શરીરના સાંધાઓને જકડાતા રોકે તથા રક્તશોધક માટે ગાજર, બીટ, બટાકા અને પાલક ઉપયોગી છે. તાજા ફળો એક નહીં પણ અનેક ગુણોની ખાણ છે. એવું કહીએ તો અતિશ્યોકિત નહી ગણાય. તેનું નિયમિત સેવન આપણને નિરોગી, તંદુરસ્ત હૃદયપુષ્ટ અને સુંદર બનાવવામાં ફાયદાકારક છે. કેટલાય વર્ષોથી મુંબઈના દરિયાકાંઠે તથા ઉદ્યાનોમાં વહેલી સવારે ફળ તથા પાંદડાયુક્ત ભાજીના જ્યૂસ વેંચાતા મળે છે. જે પ્રમાણસર પીવાથી લાભદાયક નિવડે છે.

**લીમડાનો રસ :-** ડાયબિટીસ, લાંબા સમયથી સતાવતો તાવ, ઊધરસ, પેટમાં ચૂંક આવવી, ત્વચા રોગ, લિવર અને રક્તને સાફ કરે છે.

**કારેલાનો રસ :-** ડાયબીટીસ, અપચો, જૂનો તાવ નાથવામાં સક્ષમ.

**તુલસી અને ફૂદીનાનો રસ :-** હૃદય માટે ફાયદા કારક છે, શરદી, ઊધરસ, દમ, કોલેસ્ટ્રોલને નિયંત્રણ રાખે છે અને રક્ત શુદ્ધ કરે છે.

**આદુ અને લીંબુનો રસ :-** પાચન શક્તિ, ગેસ (વાયુ), શરદી, ઉધરસ, ગળામાં ઈન્ફેકશન, સાંધાનો દુખાવો, શરીરના અંગો જકડાઈ જતાં સામે રક્ષણ આપે છે.

**આંબળાનો રસ :-** વિટામીન 'સી' થી ભરપૂર આંખો માટે ગુણકારી, ભૂખ વધારે, એસિડિટીમાં રાહત આપે છે, સંધિવા, સ્ત્રી રોગ, વાળ સફેદ થવાનું પ્રમાણ ઘટાડે છે. કાયાકલ્પ અને હૃદયરોગમાં ફાયદાકારક છે.

**કોકમ જ્યુસઃ-** ગરમીમાં લાભકારી, ત્વચા રોગ, રક્તપિત્તમાં ઉપયોગી અને પેટમાંના કૃમિનો નાશ કરે છે.

**ગાજર જ્યુસ :-** વિટામીન 'એ' થી ભરપૂર આંખ અને શરીર માટે ફાયદાકારક.

**જાંબુનો જ્યૂસ :-** પાચક પીણું, બળતરા દૂર કરે છે. ફોડલાં અને ત્વચા રોગમાં ગુણકારી. આવશ્યકતાનુસાર નિયમિત આ જ્યૂસોનું સેવન કરવાથી લાભ થાય છે. તેની કોઈ વિપરિત અસર થતી નથી.

**અનિંદ્રા :-** સફરજન, પેરૂ, બટાકા, ગાજર અને પાલક મિશ્રિત રસ ગુણકારી છે.

**અપચો :-** સવારે નયણે કોઠે હુંફાળા પાણીમાં લીબું ખાતાં પહેલાં આદુનો રસ પીવાથી ફાયદો થાય છે.

**ઉલ્ટી થતી હોય :-** દાડમ, લીંબુ, સંતરા, ટામેટા અને અનાનસનો રસ ફાયદાકારક છે.

**કબજિયાત :-** પાલક, ગાજર, સફરજન, પેરૂ તથા સંતરાનો જ્યૂસ લાભદાયક છે.

**કૃમિ :-** લસણ અને કાંદાનો રસ ગરમ પાણીમાં નાંખી પીવાથી લાભ થાય છે.

**માસિક ધર્મની તકલીફ :-** ગાજર, પપૈયું, અનાનસ અને દ્રાક્ષના રસની સાથે શાકનું મિક્સ જ્યૂસ પીવાથી રાહત થાય છે. મૂળાના કોમલ પાનનો રસ પણ ફાયદાકારક છે.

**ચરબીનો થર ઓછો કરવા :-** ગાજર, કાકડી, ટામેટા અને તરબૂચના રસનું સેવન ફાયદાકારક છે.

**પથરી :-** ગાજર, કાકડી અને નાળિયેળ પાણી તથા પાંદડાયુક્ત ભાજીના રસનું સેવન કરવું. ■

## ... માણસનું મૂલ્ય કે કિંમત ...

સામાન્ય ગુજરાતી ભાષામાં વિચારીએ તો કિંમત અને મૂલ્ય બંને એક જ બાબત છે. પણ અહિ મેં આ બંને શબ્દોને કંઇક નવિન રીતે ઉજાગર કરવાનો પ્રયાસ કર્યો છે. મૂલ્ય અને કિંમત આ બંને શબ્દોમાં અર્થની એક પાતળી ભેદરેખા છે. અને તે ભેદરેખા એ છે કે જો તમે સામાજીક વર્તન વ્યવહારમાં અને તમારી જીવન ચર્યામાં પ્રામાણિક હશો તો સમાજમાં તમારું મૂલ્ય અંકાશે. અને જો તમે યોગ્ય નથી કે તમે તમારા કાર્યમાં અપ્રામાણિક છો કે રીશ્વતખોર છો તો તમારો ભાવ બોલાશે.તમારી કિંમત બોલાશે.

મનુષ્યનાં શરીરમાં બે અંગો એવાં છે જે તેનાં જીવનમાં અતિઉપયોગી છે.એક દિલ અને બીજું દિમાગ. આશ્ચર્યની વાત એ છે કે દિમાગ બોલે છે પણ સંભળાતું નથી અને હૃદય બધ્ધુ જાણે છે પણ બોલી શકતું નથી.

જીવનમાં પ્રગતિ માટે કુલ ત્રણ બાબતોની આવશ્યકતા રહેલી છે. પરિશ્રમ, ધીરજ અને સરળ સ્વભાવ. અને જો આ ત્રણ ગુણો હોય તો માનવીનું મૂલ્ય અંકાય છે, નહિ તો તેનો ભાવ બોલાય છે. કેમકે પરિશ્રમમાં ન માનનારાં અને ધીરજ ન રાખનારાં અને સરળ સ્વભાવનાં અભાવી એવાં અભાગી લોકો જીવનની વિવિધ સગવડો માટે શોર્ટકટસ શોધતાં થઇ જાય છે જે વિનાશ નોતરે છે. ખલીલ જીબ્રાને સરસ લખ્યું છે કે , ધીરજને કારણે જ અનેક વ્યકિતઓએ પોતાનું ધ્યેય સિધ્ધ કર્યુ છે. ધીરજ અને સરળ સ્વભાવ એ મનની શુધ્ધતાનાં સાધન છે. અને જેનામાં ધીરજ,સરળતા,સહજતા, શાલીનપણું, પરિશ્રમ જેવાં ગુણો હશે તે જગતને પોતાનાં વશમાં કરી સકશે. તમે લોકો કદાચ મારી વાત સાથે સહમત હશો જ કે રાજસ્થાનનાં મારવાડી સમાજનાં લોકો જ્યાં પણ ધંધો શરૂ કરે ત્યાં તેઓ ધંધો જમાવી જ દે છે.તેઓ જો જંગલમાં કે રણમાં પણ દુકાન નાંખે તો તેઓ ત્યાં પણ સફળ થાય. એની પાછળ એમનું એક લક્ષણ તે તેમનો સરળ અને સહજ સ્વભાવ છે અને બીજું લક્ષણ તેમની મીઠી ઝબાન છે.મીઠાબોલ એ એક એવી ગુરૂચાવી છે જેનાથી સામેની વ્યકિત તમારી થઇ જાય છે. આપણે બજારમાં જઇએ તો સામાન્ય રીતે ખરાબ વસ્તું કે ઓછી ગુણવત્તાવાળી વસ્તુ ખરીદવા તૈયાર થતાં નથી. આપણને સારી અને ઉચ્ચ ગુણવત્તાવાળી વસ્તુ જ જોઇએ છે. તેમ આ સમાજરૂપી માર્કેટમાં પણ સદગુણીનાં જ મૂલ્ય અંકાય છે. વાણી,વર્તન અને સવભાવથી સમાજ અસ્વિકાર્ય કે અનૂચિત વર્તનવાળી વ્યકિતઓને સમાજનાં આ માર્કેટમાં માન સન્માન પ્રાપ્ત થતાં નથી.

આજે સમાજમાં લગભગ દરેક વ્યકિતને એવી લાલચ હોય જ છે કે હું કંઇક એવું કાર્ય કરૂ કે જેનાથી મને ખૂબ પ્રસિધ્ધિ મળે. પણ તેઓ પ્રસિધ્ધિ માટેની તૈયારીઓ કરતાં નથી.તો પછી આવાં દિવાસ્વપ્નો જોવાં એ નિરર્થક છે. માણસે ગુણવત્તા સભર અને મૂલ્યવાન બનવાં માટે સમયનો સદુપયોગ અને કામમાં નિયમિતતા એ અતિ આવશ્યક છે.અને જે લોકો કામમાં રચ્યા પચ્યાં રહે છે તેમનાં મનમાં મનોવિકાર પેદા થતાં નથી.કામમાં નિયમિતતાં જરૂરી છે. દરેક કાર્યને પોતાનાં સમય પર વ્યવસ્થિત રીતે આયોજન ધ્વારા કરવામાં આવે તો સફળતા જરૂર પ્રાપ્ત થાય છે. પણ આપણે કાર્યને સમયસર કરવાં ટેવાયલાં નથી તેથી સફળતા અને સિધ્ધિઓની તક પણ આપણને પ્રાપ્ત થતી નથી. કાર્યને તેનાં સમય પર પૂર્ણ કરવાં માટે ચોકકસ આયોજન કરવું પડે છે. અને ત્યાર બાદ કાર્યની વહેંચણી આવશ્યક છે. જો તમારાં ડેસ્કપર કે મેજપર કાર્યભારનો ઢગલો પડ્યો હોય તો એનો એક જ મતલબ એમ નથી કે તમે ખૂબ કાર્ય કરો છો, એ ફાઇલો, કાગળો અને કાર્યભારનો ઢગલો એવું સૂચવે છે કે તમે તમારા કાર્યમાં સમયસર નથી. તમે તમારા કાર્યમાં નિયમિત નથી. તમે કાર્ય તે પૂર્ણ કરવામાં સમયથી ઘણાં પાછળ ચાલો છો. તમારા ટેબલ પર કામનો ઢગલો ન થાય તે માટે

તમે કાર્ય વહેંચણી કરો. જે કામ અગત્યનું હોય તેને પ્રથમ પ્રાધાન્ય આપો. જે કાર્ય કરી રહ્યા છો તે કાર્ય ફક્તનો જ વિચાર કરો. અને તેનાં માટેની સમયમર્યાદા બંધો.જે કાર્યકરો છો તેનાં સુસંગત સાધનો જ પાસે રાખો.બીજા કાર્યોનો વિચાર અને તેની સામગ્રી તમારાથી દૂર કરી દો. જે કાર્ય કરો તે બેસ્ટ કરો.તમે તમારું શ્રેષ્ઠ આપશો તો કુદરત તેનું પરિણામ પણ શ્રેષ્ઠ જ આપશે.તમે શ્રેષ્ઠ આપશો તો શ્રેષ્ઠ પામશો એ જ કુદરતનો નિયમ છે.અને આમ કરવાથી કામમાં સફાઇ અને સ્વચ્છતા આવશે. ને આકર્ષક કામ થશે. અને આવા કાર્યોની કદર થશે જે સમાજમાં માન – સન્માન અપાવશે. અને અતિ મહત્વની બાબત એ કે શરીરને અને મગજને થાક ઓછો લાગશે.ને માનસિક તાણનાં મૂળમાં જ માનસિક થાક છે જે ચિડીયાપણું પેદા કરે છે.

સમાજમાં આપણે કિંમત પ્રાપ્ત કરવાની નથી.આપણા સમાજમાં ભાવ ન બોલાવા જોઇએ સમાજમાં આપણું મૂલ્ય અંકાવુ જોઇએ.જે વ્યકિત માં બે ગુણ હશે તે હંમેશા સુખી રેહશે.અને એ બે ગુણો છે ક્ષમા અને શાંતિ. તમને ખબર જ છે કે સામેની વ્યકિતએ ખોટું કર્યુ છે છતાં એને ક્ષમા આપો. માફ કરો. માફ કરવું એ તો નબીઓની સિફ્ત છે. જે માફ કરતો નથી તેને માફી મળતી નથી. તમે એટલાં કથોર ન બની જાઓ કે તમે કોઇકને માફી પણ ન આપી શકો. અલ્લાહ,ખુદા પણ ભુલ કરી માફી માંગનારને માફ કરી દે છે. તો આપણે ખુદા તો નથી જ.જરૂરથી માફ કરી દેવાની ખૂબી અપનાવીએ. અને બીજો ગુણ છે તે શાંતિ. જે લોકોનાં મગજ શાંત છે તે લોકો ક્રોધ અને ઈર્ષ્યાથી દૂર રહે છે. અને આવી જ શાંત સ્વભાવની વ્યકિત દરેક પરિસ્થિતિમાં સભાનતા અને સમજદારી પૂર્વક રસ્તાઓ કાઢી લે છે અને ખુદા એને એમાં મદદ પણ કરે છે. અને શાંત સ્વભાવની દરેક વ્યકિતઓ દરેક બાબત પર ગંભીરતાથી અને સમજદારી પૂર્વક વિચાર કરી આગળ ડગ માંડે છે. જ્યારે કે અશાંત અને ઉતાવળિયો વ્યકિત બાહુક હોય છે કે તે દરેક પરિસ્થિતિઓમાંથી નીકળવા માટે ધમપછાડા તો કરે જ છે પણ તે વધુને વધુ તેમાં ગુંચવાતો જાય છે.શાંત વ્યકિતનાં દરેક કાર્યો ગણતરી પૂર્વકનાં હોય છે.આવી જ વ્યકિતઓ સમયનો સદુપયોગ કરે છે. આવશ્યક વસ્તુઓ ભલે મોંઘી હોય તે ખરીદશે, અને બિનજરૂરી વસ્તુઓ ભલે ને ખુબ સસ્તી હોય તે નહિ ખરીદે.અને તેથી વ્યકિતઓ દરેક પરિસ્થિતિમાં સુખી રહે છે. એનાથી ઉલ્ટું અમુક લોકો પોતાને બહું સમજદાર અને બીજાને ડફોળ સમજતાં હોય છે. અને આવાં કેહવાતાં સમજદારો વાસ્તવમાં સમજદાર હોતાં નથી. તે લોકો આવકની સાથે ખર્ચ પણ પોતાનાં હસ્તક રાખતાં હોય છે.ઘરની વ્યવસ્થા અને ઘરેલું ખર્ચ માટેની સાચી સમજદારી બહેનોમાં જ જોવાં મળે છે. સ્ત્રીઓને દર મહિને ઘરખર્ચ માટે અમૂક રકમ જો આપી દેવામાં આવે તો તે સારી રીતે ઘર ચલાવી જાણે છે.કારણ કે કરકસર એ તેનો કુદરતી ગુણ છે જે સામાન્ય રીતે પુરૂષોમાં જોવાં મળતો નથી.

આ દુનિયામાં એવી કોઇ મુશ્કેલી કે દુ:ખ નથી કે જેનો ઉપાય ન હોય. માત્ર જરૂર છે તેને સાચા અર્થમાં સમજવાની. અને ઇસ્લામ દરેક સ્થિતિમાં અલ્લાહનાં તાબે રેહવાનું શીખવે છે. જો પરિસ્થિતિ આપનાર તે છે તો તેમાંથી બહાર લાવનાર પણ તે જ છે. ઈસ્લામ વિચલિત થવાનું શીખવતો નથી. તે આપણને દરેક પરિસ્થિતિમાં ચેક કરે છે. આપણા બોલને તે સાંભળે છે અને પછી તેના અનુરૂપ યોગ્ય હોય તે જ આપે છે. અને પ્રકૃતિ તેનાં નિયમ પ્રમાણે ચાલે છે તો બધુ વ્યવસ્થિત છે. આપણે ઉમદા વિચારો અને સારી ખુબીઓની સાથે ચાલીસુ આપણા જીવનમાં પણ બધુ વ્યવસ્થિત અને સારૂ જ થશે.જે સિધ્ધાંતોને આધારિત જીવન જીવે છે તે સમાજમાં મૂલ્યવાન બની જાય છે.તેથી પોતાની જાતને ઓળખીએ કે પોતાની જાતને ઓળખવું ખુબ અઘરી કળા છે.

**(પટેલ મ.સાલેહ મ.હુશેન.- નૂર લિંડીયાતવી..)**

## આજના જમાના પ્રમાણે યોગ્ય વ્યંગ કાવ્ય
## વિશ્વાસ જૂઠાભાઇ ઉપર !

પ્રશ્નો અનેક પેદા કરે છે જવાબમાં,
રાખે છે મેહરબાન મને એમ દાબમાં.

હૂરની તલાશ આદરી બેઠા કિતાબમાં,
જાગૃત છતાંય શેખ હજી પણ છે ખ્વાબમાં.

મારી હરેક વાતને ઓડિટ કરે છે એ,
જો કે, નથી હું એમ તો એના હિસાબમાં.

વિશ્વાસ જૂઠાભાઇ ઉપર રાખવો પડે,
કારણમાં આ જમાનો છે એના જવાબમાં.

હૈયું દ્રવ્યું તો ગ્રામ નું લીટર બની ગયું,
ગણવામાં ભૂલથાપ થઇ ગઇ છે હિસાબમાં.

ડયુટિ એ રાતપાળીની કરતા નથી કદી,
રોટી જુએ છે ચાંદભાઇ, આફતાબમાં.

મુલ્લા સમયની ટેકનિક અપનાવતો નહીં ,
છોને,ન થાય ગણતરી તારી જનાબ માં.

**મોજ - મસ્તી**
**કાવ્ય સંગ્રહમાંથી**
**મસ્ત હબીબ સારોદી**


સરનામું બદલાયું છે.
હવે અમારી નવી દુકાનમાં અવશ્ય પધારો.

(દુકાન) : 0261-2452155
મો. ઉમર : 98794 56530
E-mail : libas1978@gmail.com

કફની - પાયજામા, પઠાણી સૂટ,
અરબી ઝબ્બાની "ઈન્ડીયન તેમજ ઈમ્પોર્ટેડ"
કાપડની વિશાળ રેન્જ મળશે.
**હજ માટે એહરામનું કાપડ, ટુવાલ અને બેલ્ટ મળશે.**
અમારી એક વખતની મુલાકાત ઈન્શાઅલ્લાહ આપને લાભદાયી થશે.

સ્થાપના : ૧૯૭૮
લિબાસ
જા. X મ.

૧૨/૫૩૬, બડી મસ્જીદ (મરકઝ) ની સામે, રાણીતલાવ મેઈન રોડ, સુરત-૩. (ગુજરાત-ઈન્ડિયા)


## વહોરા સમાચારના વાંચકોને વિનંતિ

જયારથી વહોરા સમાચાર કોમ્પ્યુટર પર તૈયાર થઇ આપ સુધી પહોંચાડવાની વ્યવસ્થા થઇ ત્યારથી જે વ્યકિત આ કામ કરી રહી હતી તે વ્યકિત - અરૂણભાઇ પટેલ અવસાન પામ્યા છે. આ ભાઇ વર્ષોથી આ કામ કરી રહયા હતા. રાત્રે અથવા રજાના દિવસે મોટા ભાગનો સમય આ કામ માટે સાચી લગનથી કરતા હતા. એક વાર રાત્રે વહોરા સમાચારનો વાર્ષિક રીપોર્ટ તૈયાર કરવાનો હતો ત્યારે આખી રાત આ કામ કરી સવાર થતાં પુરૂ કર્યું હતું. સોસાયટીના સેક્રેટરી યુસુફભાઇ મોતાલા પણ આ કામના સાક્ષી છે.

એમના અવસાનથી વહોરા સમાચારના પ્રિન્ટનું કામ અઘરું થઇ પડયું છે. નાની ઉંમરે કોઇ પણ જાતના આધાર વગર બે નાના છોકરાઓ છોડી જવું. ઘણું દુ:ખદ છે.

શકય હોય તો વ્યાજની રકમમાંથી એના પરિવારને વહોરા સમાચારના વાંચક વર્ગોમાંથી મદદ મળે એવી મારી નમ્ર વિનંતી છે. હું જાણું છું કે વહોરા કૌમ આપનારી કૌમ છે. યોગ્ય લાગે વિચારશો. મારા માટે આઘાતજનક પરિસ્થિતિ છે.

**મસ્ત મંગેરા**
**તંત્રી વહોરા સમાચાર**

### પરીક્ષાલક્ષી માર્ગદર્શન કાર્યક્રમ

આણંદ સ્થિત મર્સી ફાઉન્ડેશન સંસ્થા દ્વારા ધો.૧૦ અને ધો.૧૨ ના વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શનનો કાર્યક્રમ ચરોતર મિલ્લત હાઇસ્કુલ આણંદ ખાતે યોજાયો હતો. જેમાં ૨૦૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

જેમાં મુખ્ય અતિથિ જમીઅતે ઉલ્માએ હિંદ ગુજરાતના ઉપપ્રમુખ એમ.જી. ગુજરાતી સા. હાજર રહયા હતા. આ પ્રસંગે ડૉકટર મન્સુરી સા.ભાલેજ અંજુમન,અનવર સર ડેડીયાપાડા, અમીનસર સકસેસ,મૌ.અ.કુદદુસ, સાઇસ્તા મેડમ વગેરે શહેર આણંદના ઉલમાએ કીરામ હાજર રહી પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપ્યું હતું. અંતે અલાના સ્કુલના રૈયાન સરે તમામ મહેમાનોની આભારવિધી કરીને વિદ્યાર્થીઓના ઉજજવળ ભવિષ્ય માટે પ્રોત્સાહન આપીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# WHAT NEXT? WHO NEXT?

- ISMAIL AHMED LAMBAT
MANCHESTER (0161) 232 1876

Mr. Ahmed Patel has left us and joined the others who left us before him. His departure has certainly left all Indians without a very thoughtful politician. We know he usually stayed in the background, but he contributed a lot to Indian politics.

Mr. Patel's demise is certainly a big loss for all Muslims, irrespective of their political preferences and for us Gujaratis the loss is even greater. Do we have someone among our Gujaratis of Mr. Patel's calibre? We may have but we are not aware of such a person and we feel all our Gujarati brothers and sisters will also not know.

We feel we Vohras need to become more acquainted with the subject of politics. For most of us POLITICS is an unknown word or a word whose meaning is very seldom understood though most of us irrespective of our educational or social backgrounds do have some levels of political acumen. Without knowing or without realising village leaders use their political clout to gain power as well as hold on to power.

We feel we need to learn about politics and not only remain as vote givers at the time of elections or use our political capabilities to gain control of village-based organisations or institutions like the masajid, madaris, graveyard, community hall or other village level facilities. There is a great and urgent need for us Vohras to learn about politics and use it to help us participate in the political processes taking place around us. Our political participation will help us get nearer to others irrespective of their social and economic backgrounds or their religious beliefs.

As newcomers to political participation we may get rejected or pushed back. This should not dishearten us. Trying to join those who have been in the political game for long may not like newcomers. We will have to persist and keep on trying before those with a hold on politic power find space for us.

There is also great need to learn about politics. Becoming interested in politics is not enough. Seeking to climb up the political ladder is not something that can be had just by becoming interested in the subject of politics. Like in any other activity we try to engage in there is always a lot of learning to do.

Let those who feel inclined towards participating in politics ask themselves if they will have the time and continued interest in learning about politics and learn about the different strands that help make up modern day politics. Those interested in politics must also ask themselves if they have some levels of secular and religious education and if they have abilities to speak in public and have ability not to get angry or lose one's cool when confronted by unfriendly questions or interruption.

We feel most of usVohras have over the years cut ourselves off from those we live with as neighbours or residents of the same villages. Besides most of us losing our dominant positions as landowners and cultivators and as controllers of villages and village affairs we have also not been able to find any recognisable position with the help of education. We feel most of us feel shy or ashamed to face those young men and women from the landowning and landless tribal communities whose parents and grandparents worked for us Vohras who have with the help of education and assistance from the Government found themselves occupying positions of power and authority. These young educated men and women besides holding power also speak good Gujarati in keeping with their education which most of our Vohras cannot and as employees of the Government holding positions of power, they also expect respect from those who approach them. We feel we Vohras need to come to terms with the changes taking place around us. There is a need, an urgent need to accept the changes that have taken place and are taking place and admit to ourselves that we are no longer who we were.

We feel becoming politically active will allow our Vohra brothers and sisters to meet with others, learn of the happenings around us and realise the need for having education to help us make our voices heard by others.

# દેશ - વિદેશના સમાચાર

## આલુંજ

**ઇન્તેકાલે પુરમલાલ:-** સારાબહેન ઇબ્રાહીમ ટોપીયા, હાજી યાકુબ યુસુફ ટોપીયા, સલીમ ઐયુબ ટોપીયા (સલીમ બાજી) તથા ઇસ્માઇલ સુલેમાન ટોપીયા નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન:-** ઐયુબ કાસમ નોરાત એમની અહેલીયા આયશા બહેન સાથે પેરીસથી, સાદીક યાકુબ ટોપીયા એમની અહેલીયા ફાતમા બહેન સાથે અમેરીકાથી તથા સોયબ યાકુબ ટોપીયા એમની અહેલીયા આયશા બહેન સાથે કેનેડાથી વતનની મુલાકાતે આવ્યા છે.

**પરદેશ ગમન:-** કારી અ.રશીદ યાકુબ ટોપીયા વતનની મુલાકાત લઇ સા.આફ્રીકા પરત ગયા છે.

**અન્ય:-** મદ્રેસાએ તાલીમુલ ઇસ્લામ આલુંજનું વાર્ષિક ઇમ્તેહાન તારીખ ૧૧-૪-૨૦૨૧ ના રવિવારના રોજ રાખવામાં આવ્યુ હતુ. જેના મુમતહીન સાહેબો તરીકે દીવા ગામના અસાતીઝાએ કીરામે સેવા આપી દિની તાલીમની ચકાસણી કરી હતી. પરિણામ સંતોષકારક આવ્યુ છે. ઇમ્તેહાન બાદ દરેક તલબાઓને ઇનામોની વહેંચણી તથા ૧ થી ૩ નંબર લાવનાર ૨૭ તલબાઓને રોકડ પુરસ્કાર મુખ્ય મહેમાન જ. હમીદ દાઉદ ટોપીયા સા., અન્ય મહેમાનો તેમજ કમિટી સભ્યોના હસ્તે આપવામાં આવ્યા હતા. ત્યાર બાદ જ. હમીદ દાઉદ ટોપીયા સા. તથા જ.રશીદ દાઉદ ટોપીયા સા.તરફથી અસાતીઝાએ કીરામ, ઉસ્તાદો,મહેમાનો તેમજ ટ્રસ્ટીઓને ખાવાની દાઅવત રાખવામાં આવી હતી. (૨) આલુંજ કબ્રસ્તાનની દિવાલનું કામ ચાલુ છે, જેમાં સિમેન્ટ,રેતી,કપચી,સ્ટીલ,ઇંટ વિગેરે ટોટલ મટ્રીયલ જ. હમીદ દાઉદ ટોપીયા સા. તથા જ.રશીદ દાઉદ ટોપીયા સા. હસ્તે મળ્યું છે.જઝાકુમુલ્લાહ. અલ્લાહપાક એમને જઝાએ ખૈર આપે.આમીન.

### જાહેર આભાર

અમારા મોટા ભાઇ **જ.ઇબ્રાહીમ યુસુફ ભાઇમીઆં સા.** (ગોરાભાઇ)ઉ.વ.૮૧ નો **તા.૧૨-૪-૨૦૨૧** ના સોમવાર ના રોજ **વરીયાવ** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

આ દુ:ખદ પ્રસંગે અમારા કુટુંબીજનો, સગા સબંધીઓ, દોસ્ત બીરાદરો, સ્નેહીજનો, સંસ્થાઓના કાર્યકરો, ઉલમાએ કીરામ તથા નામી અનામી સજજનોએ જનાઝાની નમાઝમાં શીર્કત ફરમાવી તેમજ દેશ-વિદેશથી ફોન, ઇ-મેલ, સંસ્થાઓ તરફથી પત્ર દ્વારા દિલસોજી પાઠવી અમારા દુ:ખમાં શરીક થયા તે સર્વેનો આ મુખપત્ર દ્વારા જાહેર આભાર વ્યકત કરીએ છીએ.

અલ્લાહપાક મર્હુમની બાલ-બાલ મગફીરત ફરમાવે અને જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે. **આમીન.**

મર્હુમના હકમાં સર્વેને દુઆએ મગફીરત કરવા નમ્ર ગુજારીશ છે.

**લિ.**

**મુસા યુસુફ ભાઇમીઆં (લાલુભાઇ) એન્ડ ફેમિલી - વરીયાવ**
**ખદીજા ઇબ્રાહીમ ભાઇમીઆં (અહેલીયા) - વરીયાવ**
**શબનમ ઇરફાન મૌલ્વી (દુખ્તર) - વરીયાવ**
**તથા**
**ભાઇમીઆં ફેમિલી દેશ - વિદેશ**

જા.ખ.


*મસ્જીદ તથા મદ્રેસાઓ માટે ખુશ ખબર*

અનેક જાતની વેરાઇટીઝ,
લેટેસ્ટ ડિઝાઇન, વિવિધ કલર સાથે

તૂર્કી,સઉદી વિગેરે દેશોની ઇમ્પોર્ટેડ સફો,ગાલીચા, વુલન,મખમલ, કોટન તેમજ એક્રેલીક અને પી.વી.સી.ની સફો તેમજ ચટાઇઓ, બાળકોને બેસવાના પાથરણા, આસન,કારપેટ વ્યાજબી ભાવે હાજર સ્ટોકમાં મળશે.

**નોંધ:** આપની એકવારની મુલાકાત આપને સંતોષ આપનાર પુરવાર થશે.

*-:: શો રૂમનું સરનામું ::-*

**આગ્રા કારપેટ્સ એમ્પોરીયમ**

૩,આદર્શ માર્કેટ, મેઇન રોડ,
બાટા શુઝની સામે,ભરૂચ
ફોન નંબર (૦૨૬૪૨) ૨૬૮૦૭૪
મોબાઇલ: ૯૩૭૬૧૭૭૭૨૯,૭૯૮૪૧૬૮૫૭૭

જા.ખ.

## રાંદેર

**ખુશ આમદીદ (જન્મ):-** મુફતી યુસુફ ઇબ્રાહીમ ભામને ત્યાં છોકરીનો જન્મ નામ ફાતેમા રાખ્યું છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** હાજી ઇસ્માઇલ મૌ.અહમદ અશરફ (બાબુ મોટા),મરીયમબીબી(લાલગોરી બુ) - ઇબ્રાહીમ છઆંગલીયાની છોકરી તે હાસમ આઝમની ઔરત,મોહંમદ કાસમ મુરાદ (છોટાભાઇ),સારાબીબી - યુસુફ મોદનની છોકરી તે ઇસ્માઇલ અહમદ અશરફની ઔરત,હાફેજ ઇમરાન અબુબકર મુસાજી,ઇસ્માઇલ અ.રહેમાન પીપરડી (નન્નેબાવા),શબ્બીર અલી ઇબ્રાહીમ ઇસ્માઇલ,શોએબ અહમદ (લાલ) અલ્લુ, મોહંમદ (ઇકબાલ) અહમદ બપોરીયા,ઇબ્રાહીમ અબુબકર સાલેહભાઇ તથા ખદીજાબીબી (ખજજુમા) - ઉસ્માન મોહંમદ બપોરીયાની છોકરી તે યુસુફ ઇબ્રાહીમ હાફેજીની ઔરત નો રાંદેર ખાતે,ઉમરફારૂક ઇબ્રાહીમ આઝમનો અમેરીકા ખાતે તથા મુસ્તાક અહમદ પીપરડીનો ખોલવડ ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશ ગમન:-** કાસીમ આજમ (ઇકબાલ) ભામ સા.આફ્રિકા ગયા છે.

**અન્ય:-** રાંદેર ઇસ્લામ જીમખાનાની વાર્ષિક સામાન્ય સભા જીમખાનાના બોટાવાલા પેવેલીયનમાં ભેગી મળી હતી જેમાં નીચે જણાવેલ પદાધિકારીઓ અને મેનેજીંગ કમિટીના સભ્યોની સને ૨૦૨૧-૨૨ ના વર્ષ માટે વરણી કરવામાં આવી હતી. જ. અલી અહમદ જેલાની સા.- પ્રમુખ,જ.સોયેબ હાફેઝ યાકુબ કાલુ સા.-ઉપ પ્રમુખ, જ. ફારૂક મોહંમદ હશન સુરતી સા.- માનદમંત્રી, જ. મોહંમદ અબ્બાસ અહમદ હાંસ સા. -માનદ સહમંત્રી, જ.મોહંમદ અનવર અહમદ હાંસ સા.,જ.તલ્હા અહમદ મીચલા સા.,જ. કાસીમ ઉસ્માન હાંસ્યા સા.,જ.યાહયા બીલાલ કાલુ સા. તથા જ. આજમ યુસુફ ટીલી સા.- મેનેજીંગ કમિટી સભ્ય.

## વરીયાવ

**ખુશ આમદીદ (જન્મ):-** તમીમ તોફીક (રાજુ) સુલેમાન પટેલને ત્યાં મુંબઇ ખાતે છોકરીનો જન્મ નામ રૂકૈયા રાખ્યું છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** દાવુદ અહમદ મમુનનો ઢાંકા ખાતે,મર્હુમ ઇબ્રાહીમ પીટર બાવાના અહેલીયા સારાબીબીનો લંડન ખાતે,ઇબ્રાહીમ (ગોરા પટેલ)યુસુફ

### વહોરા સમાચારમાં લવાજમ મોકલવાનું ઠેકાણું

**વહોરા સમાચાર, સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે, સુરત - ૩૯૫૦૦૩**

**એકાઉન્ટ નંબર:- ૦૭૪૩૦૨૦૦૦૦૦૧૮૫, બેંક ઓફ બરોડા, સુફીબાગ બ્રાન્ચ, સુરત-૩**

**IFSC CODE :- BARB0SUFIBA**

### વહોરા સમાચાર ગ્રાહક જોગ

(૧) વહોરા સમાચારના અંકો દેશ તથા પરદેશમાં દર માસની ત્રીજી તારીખે એક સાથે પોસ્ટ કરવામાં આવે છે. જેમને અંક ન મળે કાર્યાલયમાં જાણ કરતા સ્ટોકમાં હશે ત્યાં સુધી અંકો રવાના કરવામાં આવશે.પરંતુ દેશમાં અંક ન મળવાનીફરીયાદ જે તે ગામની પોસ્ટ ઓફિસને પણ અવશ્ય કરવા વિનંતી.

(૨) વહોરા સમાચારને લગતા કોઇ પણ કામ માટે નીચે આપેલ મોબાઇલ નંબર ઉપર તેમજ ઇ-મેલ ઉપર સંપર્ક કરવો.

**મો.અસલમ પટેલ - મોબાઇલ નંબર** 098241 84657

E-mail:-vohrasamachar@yahoo.com, vohrasamachar@gmail.com

### વહોરા સમાચારના જાહેરાતના દરો

**આખુ પેજ રૂા. ૨૦૦૦** **અડધુ પેજ રૂા. ૧૨૦૦** **પા પેજ રૂા. ૬૦૦**

**નોંધ:-** વહોરા સમાચારમાં આવતી જાહેરાત કે લેખ સાથે તંત્રી કે સંસ્થા સહમત છે એવું માનવું નહીં.કોઇ પણ સંસ્થાની જાહેરાત લેટરપેડ ઉપર તથા સહી-સિક્કા વાળી હશે તો જ છાપવા અંગે વિચારણા કરવામાં આવશે.

### વહોરા સમાચાર પ્રતિનિધી જોગ

વહોરા સમાચારમાં સમાચાર મોકલનાર પ્રતિનિધી ભાઇઓને નમ્ર વિનંતી કે ગામના કે સંસ્થાના સમાચાર ટુંકા અને મુદ્દાસર લખવા તથા દર માસની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા.

ભાઇમીઆં ઉ.વ.૮૧,ઇદ્રીસ ઇબ્રાહીમ મીયા,આયશા ફારૂક માયત,મુસ્તાક (લાલા) ઇસ્માઇલ મલ્લા તથા રૂકૈયાબીબી મુસા દાવજીનો વરીયાવ ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન:-** અહમદ (મુન્ના) ભાઇમીઆં ના દુખ્તર નાહીદ અલ્તાફ સા.આફ્રિકાની મુલાકાત લઇ વતન પરત આવ્યા છે.

**પરદેશ ગમન:-** આશીયા ફારૂક માયત વધુ અભ્યાસ અર્થે કેનેડા ગયા છે.

## ઉમરવાડા

**ઇન્તેકાલે પુરમલાલ:-** યાકુબ યુસુફ દેસાઇ, મૌ.અબ્દુલરહેમાન મુલ્લાં (ચાચા), જૈબુન્નીશા સઇદ મુન્શી તથા ફૈઝલ સુલેમાન મુલ્લા (બમનસા) નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## આંકડોદ

**ઇન્તેકાલે પુરમલાલ:-** રસુલબેન અબ્દુલ્લાહ કાઝી, રોકૈયાબેન ઇસ્માઇલ મોતાલા તથા છોટીબેન ગોરા આદમજી કાઝી નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશ ગમન:-** મૌલાના ઉસ્માન દાવુદ કાઝી એમની અહેલીયા સાથે કેનેડા ગયા છે.

## કાપોદરા

**ઇન્તેકાલે પુરમલાલ:-** મોહંમદભાઇ પાંડોર સાજી, મેહરૂન્નીશા યુસુફ પટેલ તથા સારાબહેન યુનુસ પટેલનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન:-** ખલીલ મોહંમદ પાંડોર (સાજી) ઝામ્બીયાથી આવ્યા છે.

**અન્ય:-** કાપોદરા કબ્રસ્તાન દિવાલ કમ્પાઉન્ડ વોલનું કામ નામી અનામી દાતાઓની મદદથી પુર્ણ થયુ છે.

## કઠોર

**ઇન્તેકાલે પુરમલાલ:-** ફારૂકભાઇ ઉમરજી,ઇલ્યાસ યુસુફ વાવડા,મોહંમદભાઇ આકુજી,ઝુલેખા અહમદ કડવા,ફાતમાબેન ભૈયાત,રૂકૈયાઆપા લોખાત,નુર મોહંમદ મુલ્લા,સારાબીબી ઉસ્માન વાવડા તથા અમીના યુસુફ કાજી નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## નાનીનરોલી

**ઇન્તેકાલે પુરમલાલ:-** સાબેરાબહેન અહમદ કાપડીયા (જાડા) નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## કોસાડી

**ખુશ આમદીદ (જન્મ):-** બિલાલ ગુલામ હાંસભાઇ (બંગલીવાલા) ને ત્યાં છોકરાનો જન્મ નામ મોહંમદ રાખ્યું છે.

## સાયણ

**ઇન્તેકાલે પુરમલાલ:-** સુલેમાનભાઇ દેસાઇ ઉ. વ. આ. ૭૫,સરફરાઝ (લાલુ) સોયબ મોતાલા ઉ.વ.આ. ૩૩,હાજરા યુસુફ ઘડીયા ઉ.વ.આ.૬૦,તાહેરા ઇકબાલ ભૈયાત (ડાંગીયા) ઉ.વ.આ.૫૦ તથા ઐયુબ મોહંમદ મોતાલા (સોલ્જર) ઉ.વ.આ.૭૭ નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશ ગમન:-** આસીફભાઇ ધુધાત તથા ઇમ્તિયાઝભાઇ ઘડીયા સા.આફ્રિકા પરત ગયા છે.

## જઝાકુમુલ્લાહ

### ઝકાત

| | | |
|---|---|---|
| ૫,૧૮૨ | મોહ. જમીલાબહેન ઇશાત સા. | ગ્લોસ્ટ |
| ૫,૦૦૦ | જ.મોહંમદ મુસાજી રાવત સા. | જીતાલી |
| ૫,૦૦૦ | મોહ.ફરીદા મોહંમદઅલી ઉઘરાતદાર સા. | મોસાલી |
| ૫,૦૦૦ | મોહ. આયશા આઝમ દુધા સા. | રાંદેર |
| ૫,૦૦૦ | જ. સાજીદ મો.સફી સીદાત સા. | સુરત |
| ૫,૦૦૦ | જ. સમીર મો.સફી સીદાત સા. | સુરત |
| ૫,૦૦૦ | જ. સરફરાઝ મો.સફી સીદાત સા. | સુરત |
| ૫,૦૦૦ | મોહ. ફરાહ હબીબ જીવા સા. | બરબોધન |
| ૫,૦૦૦ | જ. ઇમ્તિયાઝ એમ.મુલ્લાં સા. | હથુરણ |
| ૧,૦૦૦ | જ.અહમદભાઇ હોલીયા એન્ડ ફેમિલી | વડોદરા |
| ૧,૦૦૦ | જ. સેમ્યુઅલ મહમદ અચ્છા સા. | બરબોધન |
| ૧,૦૦૦ | મોહ. નઝહત ફારૂક લુકમાન સા. | સુરત |
| ૧,૦૦૦ | એક મુસ્લિમભાઇ તરફથી | સુરત |

### બેવાફંડ

| | | |
|---|---|---|
| ૩,૦૦૦ | મોહ. અમીના ઇબ્રાહીમ પટેલ સા. | દઢાલ |

### એ. વાય. દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટફંડ

| | | |
|---|---|---|
| ૫,૦૦૦ | જ. સલીમ યાકુબ દીનાથ સા. | યુ.કે. |
| ૫,૦૦૦ | મોહ.રઝીયા સલીમ દીનાથ સા. | યુ.કે. |
| ૫,૧૮૦ | જ. સોહેલભાઇ ઢલેચ સા. | યુ.કે. |
| ૫,૧૮૦ | જ. સઇદભાઇ સુરતી સા. | યુ.કે. |
| ૫,૧૮૦ | જ. યુસુફભાઇ દીનાથ સા. | યુ.કે. |
| ૫,૧૫૦ | જ. સાજીદ આઇ. આદમ સા. | યુ.કે. |

**અલ્લાહપાક એમની આ નેક ખૈરાતોને કબુલ ફરમાવી એનો બહેતરીન બદલો બન્ને જહાંનમાં અતા ફરમાવે. આમીન.**

## ઇન્તેકાલે પુરમલાલ

● આપણી સોસાયટીના ઓન.જન.સેક્રેટરી **જ. યુસુફભાઇ ઇશાકજી પટેલ સા. (સાવાવાલા)** ના સાસુમા **મોહતરમા રસુલબહેન ઇસ્માઇલ માંજરા સાહેબા** નો **મોસાલી** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

● આપણી એ.વાય.દાદાભાઇ કોલેજ ના એકાઉન્ટન્ટ **જ. હાસીમભાઇ હાંસલોદ સા.** ના વાલીદ **જ.ઐયુબ ઇસપજી હાંસલોદ** નો **તા. ૦૩-૦૪-૨૦૨૧** ના **શનિવાર**ના રોજ **ઘોડાદરા** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

● આપણી સોસાયટીના બોર્ડ ઓફ કાઉન્સીલના માજી સભ્ય **મૌલાના હાસીમ સાદેક સા.** નો **તા. ૦૪-૦૪-૨૦૨૧** ના **રવિવાર** ના રોજ **બૌધાણ** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

● આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ તેમજ પાનોલી હલકાના જીમ્મેદાર **જ. યાકુબભાઇ પટેલ સા.** નો **તા. ૦૮-૦૪-૨૦૨૧** ના **ગુરૂવાર** ના રોજ **પાનોલી** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

● આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ તેમજ લોખાત હોસ્પિટલના માજી કર્મચારી **જ. ઐયુબભાઇ સીદાત સા.** નો **તા. ૦૯-૦૪-૨૦૨૧** ના **શુક્રવાર** ના રોજ **કોસંબા** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

● આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ તેમજ પત્રકાર **જ. નજીરભાઇ પાંડોર સા.** નો **તા. ૧૦-૦૪-૨૦૨૧** ના **શનિવાર** ના રોજ **માંગરોળ** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

● આપણી સોસાયટીના વાલોડ ગામના પ્રતિનિધી **જ. યુસુફ મોહંમદ હાજી સા. (ગોરાભાઇ)** નો **તા. ૧૨-૦૪-૨૦૨૧** ના **સોમવાર** ના રોજ **વાલોડ** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

● આપણી સોસાયટીના બોર્ડ ઓફ કાઉન્સીલના સભ્ય **જ. મુસાભાઇ યુસુફ ભાઇમીઆં સા.** ના મોટાભાઇ **જ. ઇબ્રાહીમ યુસુફ ભાઇમીઆં** નો **તા. ૧૨-૦૪-૨૦૨૧** ના **સોમવાર** ના રોજ **વરીયાવ** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

● આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **જ. ઝીયાઉદ્દીન હકીમ મુહમ્મદ મહેતા સા.** કોસમડીવાલા **(ઉધના)** નો **તા. ૧૩-૦૪-૨૦૨૧** ના **મંગળવાર** ના રોજ તથા એમના અહેલીયા **મોહતરમા જુબેદાબહેન**નો **તા.૨૫-૪-૨૦૨૧** ના **રવિવાર**ના રોજ **કોસમડી** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

● આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ તેમજ પાનોલી હલકાના જીમ્મેદાર **જ. સીકંદરભાઇ સીદાત સા.** નો **તા. ૧૩-૦૪-૨૦૨૧** ના **મંગળવાર** ના રોજ **કઠોદરા** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

● આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ તેમજ પાનોલી જુમ્મા મસ્જીદના ઇમામ **જ. કારી અ.સત્તાર બદાત સા.** નો **તા. ૧૪-૦૪-૨૦૨૧** ના **બુધવાર** ના રોજ **ઘામરોડ** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

● આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ તેમજ લાઇફ મેમ્બર **જ. યુનુસભાઇ ભોલાત સા. (હથુરણ)** નો **તા. ૧૪-૦૪-૨૦૨૧** ના **બુધવાર** ના રોજ **કોસંબા** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

● આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ તેમજ મદ્રેસા હયાતુસ્સાલીહત પાનોલી ના મોહતમીમ નવયુવાન આલીમે દીન **મૌ.અલ્તાફ માયત સા.** નો **તા. ૧૫-૦૪-૨૦૨૧** ના **ગુરૂવાર** ના રોજ **મહુવેજ** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **જ. મૌલાના મોહંમદ દિવાંગરી સા.** નો **તા. ૧૭-૦૪-૨૦૨૧** ના **શનિવાર** ના રોજ તથા એમના અહેલીયા **મોહતરમા ઝુબેદાબહેન** નો **તા. ૨૩-૪-૨૦૨૧** ના **શુક્રવાર**ના રોજ **ભાદી** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)
- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **જ. અઝીઝભાઇ બોડીયાત સા.** ના વાલીદ **જ. શબ્બીર દાવુદ બોડીયાત સા.** નો **તા.૨૦-૦૪-૨૦૨૧** ના **મંગળવાર** ના રોજ **વેસ્માં** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)
- આપણી સોસાયટીના બોર્ડ ઓફ કાઉન્સીલના સભ્ય **જ. ફિરોઝ હાસીમ મમુજી સા.** ના વાલેદા **મોહતરમા સારાબહેન** નો **તા. ૨૩-૦૪-૨૦૨૧** ના **શુક્રવાર** ના રોજ **હથુરણ** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)
- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **જ. અહમદભાઇ જકડા સા.** નો **તા.૨૪-૦૪-૨૦૨૧** ના **શનિવાર** ના રોજ **પાનોલી** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

---

**અલ્લાહપાક ઉપરોક્ત મર્હુમોની બાલ-બાલ મગફીરત ફરમાવી જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે તેમજ સર્વે કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે. આમીન**

## બાટલી - યુ.કે.

**રજુ કર્તા :- જ. મોહંમદભાઇ પાંડોર સા. જીતાલીવાલા**

**ઇન્તેકાલે પુરમલાલ:-** અહમદ મહમદ દાદીપટેલ લાજપોરવાલા તથા હબીબભાઇ પઠાણ વાલોડવાલાનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**ગમન:-** રઝઝાકભાઇ સુફી લાજપોરવાલા-ઇન્ડિયા ગયા છે.

## જાહેર આભાર

હમારા બહેન **ઝુબેદાબીબી (છોટી) ગુલામ લુલાત** નો **તા.૧૭-૪-૨૦૨૧** ના શનિવાર ના રોજ **સુરત** ખાતે દુ:ખદ ઇન્તેકાલના સમાચાર જાણી આપ સૌ તરફથી ખુબ મોટા પ્રમાણમાં અમને જે દિલાસાના સંદેશા પ્રાપ્ત થયા છે, હમારી મુસીબતમાં સહભાગી થયા તે બદલ અમે આપ સૌના શુક્ર ગુજાર છે.

અલ્લાહપાક મર્હુમાની બાલ-બાલ મગફીરત ફરમાવે અને જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે. **આમીન.**

મર્હુમાની મગફીરત માટે દુઆ કરતા રહેવા સૌને ગુજારીશ.

**લિ.**

| | |
|---|---|
| ઇકબાલ મુસા પટેલ -કોસંબા | સાબેરા ઇબ્રાહીમ હાંસલોદ-વરેઠી |
| હાજરા ઇકબાલ પટેલ - કોસંબા | મેમુના સમદ હાંસલોદ -વરેઠી |
| ઇલ્યાસ ગુલામ લુલાત- સુરત | રોકૈયા બાબુ હાંસા - વરેઠી |
| જુબેર ગુલામ લુલાત - યુ.એસ.એ. | ઝૈનબ ગોરા પાનવાલા- કોસંબા |
| ઝુલેખા ગુલામ કોલ્યા - યુ.કે. | ગોરી અનવર કરોડીયા-હથુરણ |
| આયશા અ.રસીદ સુરતી-સા.આફ્રિકા | અસ્મા ફારૂક કોલ્યા-યુ.કે. |
| અસ્મા અઝીઝ બોડી - હથુરણ | રશીદા ગુ.હુશેન કોલ્યા-યુ.એસ.એ. |
| ફાતમા યાકુબ પટેલ -કોસંબા | ફરીદા ગુલામ કરોડીયા-હથુરણ |




## સ્કોલરશીપ અરજી ફોર્મ

● ધો.૧ થી કોલેજ વિભાગના તથા દીનીયાત વિભાગના સ્કોલરશીપ ફોર્મ તા.૧-૫-૨૦૨૧ થી તા. ૩૦-૬-૨૦૨૧ સુધી આપવામાં આવશે. ફોર્મ ભરી પરત આપવાની છેલ્લી તારીખ ૩૦-૬-૨૦૨૧ રહેશે. તારીખ વિતી ગયા પછી ફોર્મ લેવામાં આવશે નહીં. જેની નોંધ લેશો. ફોર્મની કિંમત રૂા.૨૦ તથા ટપાલથી મંગાવનારે રૂા. ૨૫ નો મનીઓર્ડર કરવાનો રહેશે.

**નોંધઃ- (૧) સ્કોલરશીપ મેળવવા માટે ૫૦ ટકા માર્કસ હોવા જરૂરી છે. (૨) ફોર્મ સાથે રીઝલ્ટની નકલ ફરજીયાત આપવાની રહેશે. જે વિદ્યાર્થીનું રીઝલ્ટ તા.૩૦-૬-૨૦૨૧ પછી આવવાનું હોય તેમણે પોતાનું સ્કોલરશીપ ફોર્મ સમયસર જમા કરાવી જવું. પાછળથી રીઝલ્ટ આવ્યેથી મોકલી આપવુ. (૩) સ્કોલરશીપ મેળવવા માટે સ્કુલ,કોલેજ ચાલુ થયા પછી અસલ બોનોફાઇડ સર્ટીફીકેટ, અસલ ફી રશીદ ફરજીયાત આપવાની રહેશે.**

● હાજી અહમદ બીલાખડી લહેર બેવાહફંડમાંથી મદદ મેળવવા ઇચ્છનાર બેવાહ બહેનોને જણાવવામાં આવે છે કે ફોર્મ તા.૧-૫-૨૦૨૧ થી આપવાનું શરૂ કરવામાં આવશે. ફોર્મની છેલ્લી તા. ૩૦-૬-૨૦૨૧ છે. બેવાફંડની મદદ માત્ર સુરતી સુન્ની વહોરા બહેનોને ઝકાત ફંડમાંથી આપવામાં આવશે માટે જે બેવાહ બહેનો ઝકાતની મુસ્તહીક,હકદાર હોય તેમણેજ અરજી કરવી. ફોર્મ સાથે પતિના મરણનો દાખલો, રેશન કાર્ડ તથા આધાર કાર્ડની ઝેરોક્ષ આપવી ફરજીયાત છે. **નોંધઃ- જે બહેનોને મદદ મળે છે તેઓએ ફોર્મ ભરવાની જરૂર નથી**

**ઓન.જન.સેક્રેટરી**

**ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી,સુફીબાગ, રેલ્વે સ્ટેશન સામે, સુરત-૩**

અનું સંધાન ટાઇટલ - ૩ નું ચાલુ.

● **જ. સોલીભાઇ પટેલ સા. યુ.કે.** તરફથી **રૂા. ૨૦,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **જ. અહમદભાઇ ઉનીયા સા.** હસ્તે મળ્યા છે.

● **જ. આરીફ ઇસ્માઇલ જીનવાલા સા. વડોદરા** તરફથી **રૂા. ૧૫,૦૦૦/-** સોસાયટીના સદકાફંડમાં **જ. અહમદભાઇ ઉનીયા સા.** હસ્તે મળ્યા છે.

● **મોહતરમા શાહેદાબહેન ભૈડુ સા. કેનેડા** તરફથી **રૂા. ૧૧,૮૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **જ. સોયબ ફારૂક બાગીયા સા. સુરત** હસ્તે મળ્યા છે.

● **જ. યાકુબભાઇ મુલ્લાં સા. સુરત (કેનેડા)** તરફથી **રૂા. ૧૧,૬૫૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **જ. યુસુફભાઇ મોતાલા સા.** હસ્તે મળ્યા છે.

● **જ. યુસુફભાઇ બાથા સા. બારડોલી** તરફથી **રૂા. ૧૦,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **જ. અયાઝભાઇ કાલા સા.** હસ્તે મળ્યા છે.

● **મોહતરમા ઝુબેદા ઇબ્રાહીમ સુરતી સા. મુંબઇ** તરફથી **રૂા. ૧૦,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **મોહતરમા ઝોહરાબહેન લુકમાન સા. સુરત** હસ્તે મળ્યા છે.

● **જ. ઝાહીદભાઇ પટેલ સા. વડોદરા** તરફથી **રૂા. ૧૦,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **જ. અહમદભાઇ ઉનીયા સા.** હસ્તે મળ્યા છે.

● **જ. નજમુદ્દીન અ.રહીમ સા.** તરફથી **રૂા. ૧૦,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં મળ્યા છે.

● **જ. ઇસ્માઇલ યુસુફ પટેલ સા. બરબોધન** તરફથી **રૂા. ૮,૦૦૦/-** સોસાયટીના ઝકાત તેમજ તબિબિફંડમાં **જ. ઇસ્માઇલ સુલેમાન અટન સા. કોસાડ** હસ્તે મળ્યા છે.

● **મોહતરમા બિલ્કીસ સુલેમાન ગંગાત સા. સુરત** તરફથી **રૂા. ૭,૦૦૦/-** સોસાયટીના વિવિધફંડમાં મળ્યા છે.

**અલ્લાહપાક એમની આ નેક ખૈરાતોને કબુલ ફરમાવી એનો બહેતરીન બદલો બંન્ને જહાનમાં અતા ફરમાવે.આમીન.**

## ઇન્તેકાલે પુરમલાલ

### જ. એડ. અ. હકભાઇ ઇસ્માઇલ વાડીવાલા સા. અલ્લાહની રહેમતમાં



આપણી સોસાયટીના મેનેજીંગ કમિટીના સભ્ય **જ. અ.હક ઇસ્માઇલ વાડીવાલા સા.** નો **તા. ૨૭-૪-૨૦૨૧** ના **મંગળવાર**ના રોજ **બારડોલી** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.) મર્હુમ અ.હકભાઇ સોસાયટીમાં ૧૯૮૦ થી વિવિધ હોદ્દાઓ ઉપર કાર્યરત રહી ખિદમત આપતા હતા. તથા એમણે સોસાયટી માટે પરદેશમાં પનામા ખાતે પ્રવાસ કરી સારી એવી રકમ ઉઘરાવી લાવ્યા હતા.મર્હુમ અ.હકભાઇ વ્યવસાયે કાબેલ વકીલ હતા, પરંતુ સાથે સાથે સમાજના એક સક્રિય કાર્યકર પણ હતા. એઓ વહોરા સોસાયટી સહીત બારડોલીની મદ્રેસા હાઇસ્કુલમાં, વિવિધ સંસ્થાઓમાં અલગ અલગ હોદ્દાઓ પર રહી જીવનપર્યન્ત સમાજની સેવામાં કાર્યરત હતા તથા મર્હુમ એક કાબેલ વહીવટકર્તા, સ્પષ્ટ વકતા,નીડર અને અનુશાસનના આગ્રહી હતા. આપણી સંસ્થા પ્રત્યે એમને ઉંડી લાગણી હતી.મર્હુમ અ.હકભાઇના ઇન્તેકાલથી આપણી વહોરા સોસાયટી સહીત સમાજની તથા બારડોલીની શૈક્ષણિક અને સામાજીક સંસ્થાઓને ન પુરાય એવી ખોટ ગઇ છે.

**અલ્લાહપાક એમણે કરેલી સેવાઓને કબુલ કરી એનો બહેતરીન બદલો આપી જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે તથા સર્વે કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે. આમીન.**

**સોસાયટીના તમામ કાર્યકરો એમના દુ:ખમાં સહભાગી છે.**

### જ.અહમદઅલી ઇસ્માઇલ વાડીવાલા સા. અલ્લાહની રહેમતમાં

આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ માજી મેનેજીંગ કમિટી સભ્ય તેમજ **મર્હુમ એડ.અ.હક આઇ.વાડીવાલા સા.**ના ભાઇ **જનાબ અહમદઅલી ઇસ્માઇલ વાડીવાલા સા.** નો **તા. ૨૮-૪-૨૦૨૧** ના **બુધવાર**ના રોજ **બારડોલી** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**અલ્લાહપાક મર્હુમની બાલ-બાલ મગફીરત ફરમાવી જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે તેમજ સર્વે કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે. આમીન.**

## જઝાકુમુલ્લાહ

- **જ.યાકુબભાઇ ભૈયાત સા. કોસંબા (યુ.કે.)** તરફથી **રૂા. ૪૦,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **જ. ઝીયાઉદ્દીનભાઇ કાઝી સા.** હસ્તે મળ્યા છે.
- **જ.જમાલભાઇ મુંબઇ** તરફથી **રૂા. ૨૫,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં મળ્યા છે.
- **મૌલાના ઇસ્માઇલ ઇબ્રાહીમ કાઝી (આંકડોદ) સા.આફ્રિકા** તરફથી **રૂા. ૨૫,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **જ. આસીફભાઇ જાંગડા સા. ખરોડ** હસ્તે મળ્યા છે.
- **જ. શાહીદભાઇ પઠાણ સા. વડોદરા** તરફથી **રૂા. ૨૦,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **જ. અહમદભાઇ ઉનીયા સા.** હસ્તે મળ્યા છે.

અનું સંધાન પેજ નંબર - ૨૨ ઉપર

## આપણા સમાજનું ગૌરવ

**M.A.**



**કઠોર**ના વતની **ફૈસલ સલીમ અસ્માલ** સીંઘાનીયા યુનિવર્સીટી,રાજસ્થાન દ્વારા લેવાયેલ **Master of Arts (English)** ની પરીક્ષા ફર્સ્ટ કલાસમાં પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

### મર્હુમ અહમદભાઇ પટેલ સાહેબના માનમાં પ્રસિધ્ધ થયેલ વહોરા સમાચાર વિશેષ અંકના ખર્ચ પેટે નીચે મુજબના સાહેબ તરફથી મળેલ રકમસા

| | | |
|---|---|---|
| ૧૦૦૦ | જ. મૌ.ઇસ્માઇલ અસ્માલ સા. | કઠોર |

Phone No.0091-261-2420097/2424458

MAY - 2021

VOHRA SAMACHAR

VALID UP TO 31-12-2023.

Licence No.040 inland 081 For Foreign

PUBLISHED ON LAST DATE OF EVERY-MONTH , AT NATRAJ PRINTERS, SURAT

RNI No.9372/57“Registerd No.SRT-004/2021 -2023”
2000 Copies Posted at SR RMS at 3rd of Every month

on date of posting 03 - 05 - 2021

**વહોરા સમાચાર લવાજમના વાર્ષિક દર નીચે પ્રમાણે છે.**

દેશમાં વાર્ષિક લવાજમ રૂા.૧૫૦, પરદેશમાં વાર્ષિક લવાજમ (બાય એર મેલ) રૂા.૧૦૦૦, દેશમાં લાઇફ મેમ્બર ફી રૂા.૨૦૦૦, પરદેશમાં લાઇફ મેમ્બર ફી રૂા. ૩૦૦૦ (એર ચાર્જ રૂા. ૭૦૦ વાર્ષિક ભરવાના રહેશે.), છુટક નકલ કિંમત રૂા.૧૫.૦૦

## AN HUMBLE APPEAL

The Suratee Sunni Vohra Muslim Education Society, Surat established in 1947 with the noble aim to uplift the community in the field of education.

Our humble and kind request to all our generous donors and well wisher to continue your precious donation to the society’s in the holy month of Ramadan.

We assure our Philanthropists that every penny paid to the society will be utilized rightly and judiciously for needy and the most deserving persons of the community.

Since last 73 years the society is trying it's the best for the various heads and titles of charities.

- Scholarship to Primary, Secondary and Higher secondary students.
- Scholarship to Science, Commerce and Arts graduations.
- Financial support for Professional Education in Medical, Pharmacy, Engineering, Computer and Biotechnology etc.
- Financial help for Short term and Professional courses like motor driving, Tailor ing etc for those who not interested in Higher Education.
- We are also providing scholarship for Diniyat education.
- Medical aid to poor and needy patients.
- Annual help to helpless widows.

### You Can Make Your Donation To The Following Our Authorized Representatives

| | |
|---|---|
| MR. YUSUFBHAI PANCHBHAYA SB. | MALTON, CANADA |
| MR. SAJID YUSUF PANCHBHAYA SB. | MALTON |
| MR. AIYUBBHAI PANCHBHAYA SB. | DONLANDS |
| MR. SAEEDBHAI BODHANIA SB. | THORNCLIFFE |
| MR. IDRISHBHAI BHAYAT SB. | MALTON |
| MR. MOHMEDBHAI MEHTA SB. | BRAMPTON |
| MR. ABDUL HAI PATEL SB. | TORONTO |
| MR. A.KHALIK (BABU) PATEL SB. | CAMBRIDGE |
| MR. SABBIRBHAI MEHTA SB. | CAMBRIDGE |
| MR. SOYABBHAI GHARIYA SB. | TORONTO (kill) |
| MR. SABBIRBHAI MOTALA | TORONTO (kill) |
| MADINAH MASJID | TORONTO |
| MR. MOHMEDBHAI VADIA SB. & FRIENDS | TORONTO |
| ISLAMIC SOCIETY OF TORONTO (DAR- US - SALAAM MASJID) | TORONTO |
| MR. AHMED ISMAIL VAWDA SB. | LONDON, U.K. |
| MR. ALIAZAM ESMAIL SB. | LONDON |
| MR. SULEMANBHAI DADABHOY SB. | LONDON |
| MR. SALIMBHAI PATEL SB. | WALSALL |
| MUSLIM WELFARE SOCIETY | DARLESTON |
| MR. ARSAD GULAM SIDAT SB. | NUNEATON |
| MR. MOHMEDBHAI BHAIYAT SB. | NUNEATON |
| MASJID - E- UMER TRUST | LONDON |
| MR. MOHAMMEDBHAI I. PANDOR SB. | BATLEY |
| MR. AZIZBHAI UNIA SB. | BIRMINGHAM |
| MR. YUSUFBHAI MEMAN SB. | LEICESTER |
| MR. ANISH BHAI ATCHHA SB. | BOLTON |
| MR. ALLI YUSUF TILLY SB. | PRESTON |
| MR. SIDDIKBHAI BOBAT SB. & FRIENDS | PRESTON |
| MR. IMRANBHAI BADAT SB. | BLACKBURN |
| MR. RASHID SULEMAN OOMERJEE SB. | U.S.A. |
| MR. HASHIMBHAI BOBAT SB. | GERMANY |